
# અધ્યાત્મ


વર્ષ : ૯
અંક : ૨
નવેમ્બર : ૧૯૮૭

## ❋ નવા વર્ષના પ્રારંભે ❋

દિવાળી એટલે ભારતીય પરંપરા પ્રમાણે ભૌતિક આર્થિક વ્યવહારની સમીક્ષાનું પર્વ. પરંતુ સાધક માટે તેનું મહત્ત્વ આર્થિક વ્યવહાર કરતાં, આત્મિક સાધનાનું સરવૈયું કાઢવાનું છે. જીવનમાં કયાં હતા અને કયાં પહોંચ્યા ? કયાં પહોંચવાનું છે, જીવનનું લક્ષ્ય શું છે, વગેરે સમજીને નવા વર્ષે એ ક્ષેત્રે પગલાં પાડવાના સંકલ્પો કરીએ. જીવન કેવળ સંપત્તિ માટે નહિ પણ સાધના માટે, સુખ માટે નહિ પણ આત્મિક શાંતિ માટે, ને 'સ્વ' માટે નહિ પણ 'પર' માટે–પરોપકાર માટેનું પર્વ બને, એવી સર્વે માનવો પ્રત્યે શુભેચ્છા.


—તંત્રી

## ❋ ઓક્ટોબર, '૮૭નો અંક સીલકમાં નથી ❋

અધ્યાત્મ માસિકના ઓક્ટોબર, '૮૭ના અંકની નકલો હવે સીલકમાં ન હોવાથી, અમે પાછળથી નોંધાયેલ ગ્રાહકોને તે મોકલી શકયા નથી; તે બદલ દિલગીર છીએ. જે ગ્રાહકોને ઓક્ટોબરના અંકની નકલો મોકલી શકયા નથી. તેમને ગ્રાહક તરીકે નવેમ્બર '૮૭થી નોંધીશું. તે નવા ગ્રાહકોની જાણ માટે.

## ❋ ડીસેમ્બર '૮૭નો અંક મોડો પ્રસિદ્ધ થશે ❋

નવેમ્બર માસમાં તંત્રી બહારગામ હોવાથી ડીસે. ૮૭નો અંક તા. ૧૦ ને બદલે તા. ૧૫/૧૨/૮૭ ના રોજ પ્રસિદ્ધ થશે, તેની નોંધ લેવા વિનંતી છે.



પ. પૂજ્ય ગોકુળદાસજી તથા પ. પૂજ્ય મા શ્રી સર્વેશ્વરી

## ❋ નવું વર્ષ તો કહેવાશે ! ❋

નવા વર્ષમાં નથી નવું કંઈ, બધું પુરાણું ભાસે છે,
એ જ સ્વાર્થ ને એ જ ભોગમાં, નવું નવું લાગે છે ?
એ જ દિવસ ને એ જ રાત છે, સૂર્ય ઊગે છે એનો એ,
એ જ જનો એ જગ જંજાળો, નવું વર્ષ હું માનું શે ?
કાળ ગણિતમાં નવું જૂનું ના, બધું એક અદ્વૈત દીસે,
ગતિહીન જીવન પ્રવાહમાં, નવું વળી શું કહેવાશે ?
નવા વર્ષના નવા નિશ્ચયો, નવા નિર્ણયો લેવાશે,
નવું ધ્યેય લઈ આગળ ધપશે, નવું વર્ષ તો કહેવાશે.
નવા પ્રાણ પૂરાય જીવનમાં, નવો વેગ જીવન પામે,
નવા ઉમંગો ઊઠે હૃદયમાં, નવું વર્ષ તો કહેવાશે.
નવું વરસ કંઇ નથી સમયમાં, નવું જૂનું મુજ મનમાં છે,
નવયુવાન થઇ રહું સદા હું, નવું વર્ષ તો કહેવાશે.
બાલિશતા ગઇ બાલ્યકાળની, વૃદ્ધ નિરાશા ના સ્પર્શે,
ચિન્તાહીન બને જીવન જો, નવું વર્ષ તો કહેવાશે.
નવો દીસે આવેશ જીવનમાં નવું જગત આ લાગે છે,
ખરો ભક્ત તો નવા વરસમાં, નવું જીવન એ માગે છે.

—રંગ અવધૂત

# અધ્યાત્મ

સર્વમંગલ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૮ અંક : ૨ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૧૫–૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ. માશ્રી સર્વેશ્વરીનો કાર્યક્રમ | તંત્રી | ૭ |
| વ્રતોત્સવ-૭ | કલ્યાણ | ૯ |
| હજરત ઈમામ જાફર સાદિક (સત્યવાદી) | મુરાદખાન ચાવડા | ૧૬ |
| આત્મસાધકની અભીપ્સા | મહેન્દ્ર ઈ. પંડ્યા | ૨૫ |
| पंगुं लंघयते गिरिम् | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૨ |
| શ્રી રંગ અવધૂતજી જીવન-પ્રસંગો | કનૈયાલાલ ઝીંઝુવાડિયા | ૩૮ |
| પ. પૂ. માના શ્રીમુખે સાંભળેલા પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૨ |
| આસક્તિ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૯ |
| જીવનમાં તપનું મહત્ત્વ | ભરતભાઈ વિઠ્ઠલભાઈ ભક્ત | ૫૦ |
| જાગરૂકતા | ભાઈલાલભાઈ છાટબાર | ૫૪ |
| પ્રકાશના પંથે | ઈશ્વરભાઈ ભક્ત | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૯ નવેમ્બર-૧૯૮૭ અંક : ૨

## યોગેશ્વર કથામૃત

વિક્રમસંવત : ૨૦૩૬, શ્રાવણ સુદ નોમને બુધવાર. તારીખ ૨૦/૮/૮૦.

સ્થળઃ-'સુભાષ' સરદારનગર, ભાવનગર.

આજે સવારે અમદાવાદથી આઠ વાગ્યાને બદલે મોડા નીકળ્યા. માંદગી પછી મણિનગરમાં રહેતાં પૂ. શ્રીના બેનના ઘરે પૂ. માતાજીને લેવા માટે અમે બાબુભાઈ સાથે પૂ. શ્રી સાથે પહોંચી ગયાં.

પૂ. માતાજીના રૂમમાં પૂ. માતાજીને મેં પ્રણામ કર્યાં. પૂ. શ્રી પૂ. માતાજીને એક નાના બાળકની જેમ સમજાવે છે. ૭૬ વર્ષની રોગગ્રસ્ત અવસ્થાને લીધે મન અશાંતિ ને અસ્વસ્થતાનો અનુભવ કરી રહ્યું છે. પૂ. શ્રીના સમજાવવા છતાં બબ્બે મિનિટમાં પૂ. માતાજીનું મન બદલાઈ જાય છે. એ જોઈ મારૂં હૃદય કંપવા લાગ્યું. પૂ. શ્રી સાથે ૩૫ વર્ષ સુધી તપ્યાં, સાથે રહ્યાં તે જીવના મનની આ વિકૃતિ ? હે પ્રભુ પૂ. માતાજીને શાંતિ મળે એવું કાંઇક કરો. ઘણી સમજાવટને અંતે પૂ. માતાજી ભાવનગર આવવા તૈયાર થયાં.

અમે ભાવનગરના ભાવિક ભક્ત શ્રી બકુભાઈ શેઠની ગાડીમાં બેસીને અમદાવાદથી સવારે સાડા દશ વાગે નીકળ્યાં. માર્ગમાં ધંધુકાના જૈનદેરાસરમાંજ પંદર વીસ મિનિટ આરામ કરી આગળ ચાલ્યાં. રસ્તામાં ગાડી બગડી. વીસ પચ્ચીશ મિનિટમાં રીપેર થઈ ગઈ. લગભગ બપોરે ત્રણની આસપાસ ભાવનગરમાં આવી ગયાં.

માર્ગમાંજ પૂ. શ્રીના વર્ષો જુના અનન્ય ભકત શ્રી ભાઇ-લાલભાઇ છાટબાર 'કૃષ્ણકુંજ' કાળાનાળા ઉપર રહે છે, તેઓ છેલ્લા છ માસથી અકસ્માતને લીધે ચાલી શકતા નથી. વળી તેમનાં ધર્મપત્ની શ્રી નર્મદાબેનનું થોડા જ સમય ઉપર વૈકુંઠગમન થયું છે. જેથી પૂ. શ્રીએ સૌપ્રથમ તેમને મળવાની ઇચ્છા વ્યકત કરી. (જોકે એવું જાણવા મલ્યું કે છેલ્લા બે ત્રણ વર્ષથી શ્રી ભાઇલાલભાઈને ત્યાં થઈને જ ઉતારા પર પૂ. શ્રી આવે છે.)

તેમના પવિત્ર ઘરમાં પૂ. શ્રીની, પૂ. માતાજીની તથા મારી એમ અલગ બેઠકો ગોઠવી હતી. પાંચ મિનિટ માંડ ઉભા રહેવાય એવી સ્થિતિમાં પણ પલંગ પાસે ઉભા રહી અમારા ત્રણેનું સ્વાગત કર્યું. પૂ. શ્રી બેઠકપર વિરાજમાન થયા. સામે જ પૂ. શ્રીની મોટી તસ્વીર હતી. વળી લુસાકામાં લેવાયેલી પૂ. શ્રી તથા મારી એમ બન્નેની ભેગી તસ્વીર પણ આ પવિત્ર ભક્તના ઘરમાં યથાયોગ્ય સ્થાન પામી ચૂકી હતી. પૂ. શ્રીમાં અનન્ય શ્રદ્ધાભક્તિ રાખનાર ભક્ત પૂ. શ્રીની વાણીમાં ને વર્તનમાં પણ અચળ વિશ્વાસ રાખે જ એ સ્વભાવિક છે. વળી પૂ. શ્રીની સાથે રહેનાર મારા જેવી નવી વ્યક્તિને પણ એટલા જ પ્રેમપૂર્વક સત્કારે એમા આશ્ચર્ય પણ છે ને સ્વાભાવિકતા પણ જોઈ શકાય છે.



શ્રી ભાઇલાલભાઇએ ચંદન ને પુષ્પહારથી અમારૂં પૂજન કરાવ્યું. અમે દૂધ વિ. લીધું.

શ્રી ભાઇલાલભાઇ સાથે એમના ધર્મપત્નીની તથા બીજી ઔપચારિક વાતો થઇ. વળી સૂરત એની બેસન્ટ હોલમાં થયેલા મારા સાધનાત્મક જીવનના અનુભવો વિશેના ત્રણ વાર્તાલાપની પણ પૂ. શ્રીએ વાતો કરીને ત્યાંથી વિદાય થયા.

સરદાર નગરમાં નવો નીચે ઉતારો હતો, ત્યાં આવી ગયા. ભોજનની ઇચ્છા ન હોવા છતાં અમે ત્રણેએ સાથે બેસી જે ગમે તે ભોજન લીધું. થોડો આરામ જરૂરી હતો જેથી પચ્ચીશ મિનિટ સુધી પૂ. શ્રી તથા માતાજીએ આરામ લીધો.

છ વાગ્યે આજથી શરૂ થતાં ભક્તિયોગ ઉપરનાં પ્રવચનો માટે ટાઉનહોલમાં જવા નીકળી ગયાં. શ્રી નારાયણભાઈ જાની આ સર્વે આયોજનના મુખ્ય કર્તા હર્તા છે.

પ્રથમ દિવસ હોઇ સવાસાત વાગ્યા સુધી અન્ય વકતાઓ જ બોલ્યા. પછી પૂ. શ્રીએ સવાસાતથી આઠ સુધી સુંદર મનનીય પ્રવચન આપ્યું. જેમાં પોતે માંદગી દરમ્યાન શિવોહમ્ શિવોહમ્‌ની જ વિટામીનની ટીકડી ખાતા અને પ્રહ્‌લાદની ભક્તિવિશે તથા યોગ શબ્દ અને ભક્તિશબ્દની સુંદર વ્યાખ્યાઓ કરી. હરિનું લેજો નામ-એ ભજન ગવડાવ્યું. ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ એ શ્લોકની સમજ આપી.

શ્રી જનાર્દનભાઈ ભટ્ટે સંસ્કૃતમાં પૂ. શ્રીનાં સદર્ભમાં ને પ્રાસંગિક સ્વાગત પ્રવચન આપ્યું એ આજની વિશેષતા હતી. વળી પૂ. શ્રીની આજ્ઞાથી પૂ. માતાજીનું અલગ ખુરશી પર આસન ને મારું પણ એની સાથે જ અલગ આસન મંચ

ઉપર મૂકાયું હતું. પૂ. શ્રીની આજ્ઞાથી વ્યવસ્થાપકોની વ્યવસ્થાને મારે મને કમને પણ માન આપવું પડ્યું.

આજે આખા દિવસનો થાક છે છતાં ડાયરી જેમ બને તેમ નિયમિત લખવી એવો આગ્રહ છે જેથી લખવાનું બને છે.

પૂ. શ્રીએ આખો દિવસ માતાજીની ખૂબ કાળજી લીધી. તે અંગે તો આખો અલગ નિબંધ લખાય એટલી વિગતો છે. માતાજીને ફક્ત જન્મ આપનાર માતા તરીકે નહીં પણ સાધનાત્મક જીવનના સાક્ષી અને હિમાલયમાં પોતાની સાથે રહેનાર એક વ્યકિત કે જેણે મારી સાધનામાં સમજપૂર્વકનો સહકાર આપ્યો એ જીવનું કલ્યાણ થાય એવું ઇચ્છવું એ મારું કર્તવ્ય છે. એમ પૂ શ્રી વારંવાર કહે છે. સાચી જ વાત છે દિવ્ય કોટિના મહાપુરુષને કોઈની પણ મમતા આસકિત હોય જ ક્યાંથી? મીઠા મમત્વને બદલે પવિત્ર પ્રેમભાવ જીવમાત્ર ઉપર રાખનાર મહાપુરુષ પોતાની માતા પ્રત્યેની સંપૂર્ણ ફરજ બજાવે એ સર્વશ્રેષ્ઠ આદર્શ ઋષિનું લક્ષણ છે. સંસારના દરેક જીવને શાંતિ મળે એવું ઇચ્છનાર આ મહા-પુરુષ પોતાની માતાને શાંતિ મળે એવું ઇચ્છે એ સ્વભાવિક છે.

પૂ શ્રીએ સાંજના અલ્પાહારમાં દૂધને બે બાફેલાં બટાકાં લઈને આરામ કર્યો. હરિ ૐ.

—મા સર્વેશ્વરી



# પૂ. માશ્રી સર્વેશ્વરીનો કાર્યક્રમ

તંત્રી

પૂ. માશ્રી સર્વેશ્વરીએ આ વર્ષે નવરાત્રિ હરદ્વારમાં કરી. પૂ. માના અખંડ અને એકધારા ઉપવાસોના ૧૩૦૦ ઉપરાંત દિવસો થયા છતાં પૂ. મા કદીક કદીક આ સાધના યજ્ઞમાં નવા નવા પ્રકારની તપની આહૂતિઓ ઉમેરતાંજ રહે છે.

નવરાત્રિમાં સંપૂર્ણ મૌન. ગંગાકાંઠાનો પુનિત નિવાસ ને ઉપવાસોમાં પણ નિર્જલાનું વ્રત. આ વર્ષે નવરાત્રિના આઠ દિવસોમાં પૂ. માએ દર બે દિવસના નિર્જલાના અંતરે એક દિવસ દૂધ લેતાં. આઠ દિવસમાં માત્ર બે ત્રણ દિવસ થોડું થોડું દૂધ લીધું. બાકીના બધા જ દિવસો પાણી કે દૂધ વગરના.

આટલા દિવસોના સતત ઉપવાસો પછી પણ પૂ. મા દરરોજ ૬૩ પગથિયાં ઉતરીને ગંગાસ્નાન માટે જતાં અને પાછા ચઢતાં. અદ્‌ભુત હતું એમનું તપ અને આત્મશક્તિ. પ્રભુની કૃપા સિવાય શરીરમાં આવી શક્તિ ક્યાંથી રહે? એક બે દિવસના નિર્જળા ઉપવાસો પછી સામાન્ય માણસને પથારીમાંથી ઉઠવાની શક્તિ રહેતી નથી, તો પછી દાદર ચઢવાઉતરવાની શક્તિની તો એ કલ્પના જ ક્યાંથી કરી શકે?

એટલે એ સાચું છે કે પૂ. મા સામાન્ય નથી.

નવા વર્ષમાં આપણે સહુ ઇચ્છીએ કે પ્રભુ પ્રાપ્તિનું પૂ. માનું ધ્યેય ગુરુદેવશ્રી પૂર્ણ કરાવે અને એમના આ ભવ્ય તપની ભાગિરથીમાં સ્નાન કરી આપણે સહુ પણ જીવનનું પરમ શ્રેય પ્રાપ્ત કરીએ.

પૂ. મા બોલે ઓછું, પણ એમનું આચરણ ને વ્યવહાર ઘણું બધું શીખવી જાય. આ ૨૦ દિવસો દરમ્યાન પૂ. મા સાથે રહેનાર શ્રી વિજય પંડિતે (વડોદરા) એક સરસ લેખ તૈયાર કર્યો છે જે અમે આવતા અંકે મૂકી શકીશું.

પૂ. ગુરુદેવની જેમ પૂ. માને ગંગામૈયાનું સાન્નિધ્ય ખૂબ ગમે. એટલે તેઓ ફરી પાછાં તા. ૧૦/ નવેમ્બરથી હરદ્વાર જઈ રહ્યાં છે. પ્રસંગ છે શ્રી શાન્તિભાઇ કનેરિયા તરફથી રામાયણ પારાયણનો; જે દસેક દિવસ ચાલશે. સંભવ છે કે પૂ. મા તે પછી પણ ગંગાકાંઠે વધુ દિવસ રોકાય. પૂ. માનો મુકામ આર્યનિવાસમાં હંમેશની જેમ હોય છે. જે કોઇ સાધકોને સત્સંગ તેમજ માના સાન્નિધ્યનો લાભ લેવો હોય તે ૧૩ નવેમ્બરથી પંદર દિવસમાં હરદ્વાર આવી, પોતાની રીતે લાભ લઈ શકે.

પૂ. માનો જન્મ દિવસ ૧૩ નવેમ્બર છે અને એ દિવસે રામાયણ પારાયણનો યજ્ઞ હરદ્વારમાં આરંભાય છે. પૂ. માનું નવું વર્ષ એમના સાધનાત્મક જીવનમાં સીમાચિહ્નરૂપ બનો એજ મંગલ ભાવના.

*——*

*** દિલગીર છીએ ***

આ અંકમાં પ્રકાશના પંથેનો સંક્ષેપ સ્થળ સંકોચને લીધે વધુ આપી શકયા નથી, પરંતુ આવતા અંકમાં એનો વિશેષ ભાગ સમાવેશ કરી રજુ કરવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી



# વ્રતોત્સવ–૭

કલ્યાણ

આજે તારીખ ૧-૧-૮૭, હરિદ્વાર. આર્યનિવાસમાં ગંગાતીરે પૂ માનો પૂર્વ તરફનો ઓરડો પરોઢના ૭ વાગ્યે સત્સંગ સુધાનું પાન કરવા ભકતવૃંદથી ભરચ્ચક થઈ ગયો છે. પૂ. મા સામેજ પલંગપર બિરાજ્યાં છે. મસ્તક પર સફેદ મફલર અને બદામી સ્વેટર સાથે શ્રી અંગ પર ઠંડીમાં લપેટાતી સફેદ ગરમ શાલ આજે દેખાતી નથી. ગઈકાલના અથાગ પરિશ્રમ છતાં એજ પ્રસન્નતા અને સ્વસ્થતાની આભા આસપાસ પથરાઈ ગઈ છે. કેવું પુનિત દર્શન! પૂ માના વ્યકિતત્વમાંથી પ્રસ્ફુટતી પ્રસન્નતા, મધુરતા અને નિર્મળતાના જે ત્રિવેણીસંગમમાં દેવપુરુષોને પણ ડૂબકી મારવાની જિજ્ઞાસા જાગી ઉઠે, એ કૃપાદર્શન ભાવિકો અહીં સહજપણે માણી રહ્યા છે. જેનું દર્શન કરતા ન ધરાઇએ એવું અખિલ "મધુરમ્" આનંદ-ધામ જાણે! જયાંથી પાછા ફરવાની ઇચ્છા ન થાય. એ અક્ષરધામનો શાશ્વત આનંદ પૂ. માના સાન્નિધ્યમાં ભાવિકો પામી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયાથી ચાલતો પ્રભુના પ્રેમગાનનો પાવન પ્રસંગ આજે પૂર્ણ થશે, એમ કહેવાની ઈચ્છા થતી નથી. બંને માતાઓના વાત્સલ્યભર્યા અંકમાંથી જાણે ઉઠવાની ઇચ્છા થતી નથી! પણ એમ લાગ્યા કરે છે કે જાણે પાત્રતાનું ભાથુ ઘણું અલ્પ છે. જે કંઇ મળે છે તે જીવોપરની પૂ. માની કરૂણા વિના શકય નથી. આજના છેલ્લા દિવસના લીલાપ્રસંગોમાંથી જેટલું પ્રેરણાભાથુ બાંધી શકાય તેટલું બાંધી લઇએ.

પૂ. મા એટલે તપ અને તિતિક્ષાનું મૂર્તસ્વરૂપ જાણે!

હજુ તો ગઈકાલે એક અપૂર્વ તપની પુષ્પમાળા પ્રભુને અર્પણ કરી તો આજે પૂ. મા વળી બીજી તપની પુષ્પમાળા ગૂંથવા બેસી ગયાં છે. પૂ. માએ નવા વ્રતનો નિર્ણય જાહેર કરતા કહ્યું "આજથી એક દિવસ પાણી, એક દિવસ દૂધ અને એક દિવસ પાણી પણ નહીં, એટલે કે નિર્જળા. પ્રભુની પ્રસન્નતા માટેનો અમારો યજ્ઞ તો અખંડ ચાલ્યાં કરશે" આજે ઇસુના નવા વર્ષનો પ્રારંભ થાય છે. પૂ. મા નૂતન વર્ષે પ્રભુને કરેલી પ્રાર્થના વાંચી સંભળાવે છે. આ વર્ષે તો "પ્રભુ તમારી પૂર્ણકૃપા ઉતરો" એવા પ્રાર્થનાભાવો એમાં વ્યક્ત થયા છે.

આજે યોગેશ્વર લીલામૃતનું પારાયણ પૂર્ણ કરવાનું છે, એટલે વહેલી સવારથી પારાયણ શરૂ થઈ ગયું છે. પૂ. માએ ખોળામાં આશિકું રાખ્યું છે અને તે ઉપર પ્રભુના અક્ષરદેહ 'લીલામૃત'ને પધરાવી પારાયણ શરૂ કર્યું છે. એક વખત પારાયણ શરૂ થાય એટલે પૂ મા તેમાં ખોવાઈ જાય છે. રોમેરોમ નર્તન કરી ઊઠે છે, પારાયણમાં જે ઉત્સાહ અને ઉમંગ પૂ. માના અંતઃકરણમાંથી ઉમટે છે તે અવર્ણનીય છે. ગુરુલીલામૃતનો એકેએક શબ્દ જાણે ચૈતન્યમય હોય એવા આત્મિક આદરથી તે વ્યક્ત કરી રહ્યાં છે.

લીલામૃતના જયગાનમાં સાઇબાબાની વાત આવતાં પૂ. મા કહે, "અમારી સાથે અમે સાઈબાબાની જે તસ્વીર લાવ્યાં છીએ તે ચિન્મય છે. પૂ. શ્રીએ એ તસ્વીર વસાવેલી ત્યારે પણ એ તસ્વીરે અનેક વખત ચૈતન્યની સાક્ષી પૂરેલી. આજે પણ એ તસ્વીરનો જમણી તરફનો ભાગ દિવ્ય પ્રકાશથી પ્રકાશી રહ્યો છે. અમને પણ સાઈબાબાનાં કૃપાદર્શન અવાર-નવાર થયાં કરે છે." પૂ. માએ બાજુના પલંગ પર દેવસ્થાન સુંદર રીતે સજાવ્યું છે. તેમાં ગુરુદેવપ્રભુ રંગઅવધૂત મહારાજ, સાઈબાબા, હનુમાનજીમહારાજ, અને પોતાનું



એક નાનું સ્વરૂપ પણ 'પધરાવ્યું છે.' સ્વસ્વરૂપ તરફ પૂ. મા કયારેક આશ્ચર્યભરી નજર નાખી લે છે. વળી કોઇને પૂછી પણ લે કે ઓળખો છો આ કોણ છે? એ નાના સ્વરૂપમાં વ્યકત થયેલી દૃઢતા જોઈ પૂ. મા કહે, "અમે નાના હતાં ત્યારે ખૂબ હઠ કરતાં, અમારું ધાર્યું જ કરતાં. પિતાજીના ખભા પર જ સુવાની હઠ લેતાં અને તેમ પિતાજી કરે તોજ ઉંઘતાં."

અત્યારે લીલામૃતનો ૧૨ મો અધ્યાય ચાલી રહ્યો છે. તેમાં અનેક સિદ્ધો, અને સંતો જગદંબા દર્શનની પૂર્ણ-કૃપાની આગાહી કરે છે પરંતુ તે આગાહી સત્ય ઠરતી નથી. છતાં પૂ શ્રી નિરાશ થતા નથી. પૂ. મા કહે, "સિદ્ધપુરુષોએ કહેલાં વચનો જ્યારે મિથ્યા થાય તે સંજોગોમાં ધીરજને ધારણ કરવી તે બહુ કપરું છે." આજે પૂ. માના સાધનામય જીવનમાં પણ એજ ધીરજની કસોટી ચાલી રહી છે. ત્રણ ત્રણ વર્ષના કઠીન ઉપવાસો દરમ્યાન પ્રભુદર્શનની એ તીવ્ર પ્યાસને ધીરજના શીતલજલથી છીપાવવી પડે છે. ગુરુદેવ-પ્રભુ તેમજ સાઇબાબા જેવા સિદ્ધ પુરુષો વાયદા આપતા થયા છે. એ તરફ નજર ન નાખતાં પૂ. મા મંઝીલ તરફ ધીરજપૂર્વક, અડગપણે પગલાં ભરી રહ્યાં છે.

આજે ભકતો પૂ માનું મનભાવન વિરલ દૃશ્ય માણી રહ્યા છે. ગઇકાલે કેટલાક ભકતો સાથે શ્યામભાઈ પણ ગયા છે. ઢોલક બજાવનાર કોઈ નથી. સૌના આશ્ચર્ય વચ્ચે પૂ. માએ ઢોલક લઇને ગળામાં નાખ્યું છે. પલંગ પર પગ લટકાવીને, ઢોલકને ખોળામાં લઇને પૂ. મા બેઠાં છે. મધુર હાસ્ય વેરતાં વેરતાં પૂ. મા એ ઢોલકને તાલ આપવા લાગ્યાં છે. પૂર્ણિમાબેન ધૂન ગવડાવે છે.

'હરિહર બ્રહ્મા સદ્‌ગુરુદેવા, ગુરુમાતા, ગુરુપિતા ગુરુમહાદેવા'

પૂ. માને ઢોલક વગાડતાં જોઈને, અને તે પણ તાલબદ્ધ રીતે તેથી સૌ ભારે ઉત્સાહમાં આવી ગયાં છે. બેવડા આનંદથી સૌ મોટેથી પોકાર પાડી ધૂન બોલી રહ્યા છે. જેમ ધૂનની ગતિ વધતી જાય છે તેમ પૂ. મા ઢોલક પર તાલ ઝડપથી આપી રહ્યાં છે. ધૂન પૂરી થઈ ત્યાં સુધી પૂ. મા તાલ આપતાં રહે છે. ધૂનના અંતે પૂ. માએ જાતે જ "ઢોલકેશ્વરી માતકી જે" બોલાવતાં હર્ષોલ્લાસના મોજા વચ્ચે સૌ ખડખડાટ હસી પડ્યા.

હવે પૂ. માએ ઢોલક મૂકી મધુર કંઠે લીલામૃતનું પ્રેમ-ગાન શરૂ કર્યું છે.

'વંદન કરીએ યોગેશ્વર ભગવંતને
દર્શન દેજો આવ્યા છે શરણે અમે'

પ્રભુના પ્રેમગાનની મસ્તીમાં એકવાર ડૂબી ગયા પછી તેમાંથી પૂ. માને પાછા વાળવાં મુશ્કેલ થઈ પડે છે. એક-ધારા સતત ગાનથી પૂ માને અત્યારે છાતીમાં દર્દ થઈ રહ્યું છે. છાતીપર વારંવાર હાથ ફેરવતાં જાય છે અને લીલામૃતનું પાન કરાવતાં જાય છે. આ જોઈ, પૂર્ણિમાબેન કહે, "મા, થોડો વિશ્રામ લોને." પૂ. મા કહે, "જીવન થોડું છે ત્યાં વળી વિશ્રામ કેવો! અમને છાતીમાં દર્દ થાય એટલે ચાલુ સત્સંગે જ પ્રભુને પ્રાર્થના કરીએ કે તમારા ગુણગાન ગાઈએ અને દર્દ થાય તે કેમ ચાલે! દર્દ મટાડો તમે હવે. અમારી પ્રાર્થના પ્રભુ સાંભળે અને દર્દ તુરત જ દૂર કરે." કેવી મસ્તી છે પ્રભુના પ્રેમગાનની! પૂ. માએજ એક ભજનમાં ભાવ વ્યક્ત કર્યો છે:-

"ગુરુ ગોપાલ પ્રભુ બંસી બજાવે
સર્વેશ્વરી એની બંસી બને"

ખરેખરે, સાચા અર્થમાં શરીર બંસી બની ગયું છે.



ગુરુ ગોપાલની ઇચ્છાથી તેના મધુરા સૂરને વહાવી રહી છે. પ્રભુના દિવ્યગાનના આનંદની મસ્તીમાં જાણે સમગ્ર અસ્તિત્વ ભૂલાઈ જાય છે. શરીર પોતાની મર્યાદાની આલબેલ પોકારે છે છતાં દિવ્યગાનનો પ્રેમાનંદ કોણ જાણે કેવો પૂ. મા અનુભવી રહ્યાં છે કે સુરતાનો એ તાર સતત ઝણઝણતોજ રહે છે. છાતીમાં દર્દ અનુભવાતું હોવા છતાં એ શારીરિક દર્દ પ્રભુપ્રેમના વિરહના દર્દ પાસે પરાજય સ્વીકારતું રહે છે. પરમકોટિના ભકતોના સાધનામય જીવનનું દર્શન ભકતો માટે અનેરો લ્હાવો બન્યું છે. આ કપરા કલિકાળમાં ભાગ્યે જ જોવા મળે તેવું સાધનામય જીવન પૂ. મા સમાજ વચ્ચે રહીને વિતાવી રહ્યાં છે. સમાજ માટે તે દીવાદાંડીની ગરજ સારી રહ્યું છે.

લીલામૃતના ગાન વખતે પૂ. મા સાધકોની જરાપણ શિથિલતા ચલાવી લેતાં નથી. સતત એકધારા પાંચ પાંચ કલાકના સત્સંગમાં કોઇમાં આળસ કે જડતા દેખાય તો તુરત જ કહે "જેમને પણ જવું હોય તે વચ્ચેથી ઊઠીને જઈ શકે છે. પરંતુ ચાલુ સત્સંગે ઝોકાં ખાવાં તે મને પ્રભુના અપમાન સમુ લાગે છે. તમે પરાણે બેસો તેમાં પણ મને હિંસા લાગે છે." સતત બેઠકથી ન ટેવાયેલા સાધકોને થોડું આકરું લાગે પણ છે. પરંતુ પ્રભુ પંથે જેમને પ્રયાણ કરવાનું છે તેઓએ શારીરિક ટેવોની ગુલામીમાંથી મુકત થવાની પ્રેરણા પૂ. મા પોતાના જીવાતા જીવનની પળેપળની જાગૃતિથી આપી રહ્યાં છે.

અત્યારે બપોરની બેઠક શરૂ થઇ છે. પૂ. મા પૂ. માતાજી-ની અંતિમ માંદગી વખતે પૂ. માતાજીએ જે પ્રેમભાવ વહાવ્યો હતો તે યાદ કરે છે: "પૂ. શ્રીની કઠીન તપસ્યાના દિવસોમાં અનેક જાતની મુશ્કેલીઓ છતાં પૂ. માતાજીએ એ

બધું સહન કરીને પૂ. શ્રીની તીવ્ર લગનને સમજી સમજદારીપૂર્વકનો સાથ નીભાવ્યો હતો. પૂ. શ્રીએ પણ પૂ. માતાજીની અંતિમ માંદગી વખતે ખડે પગે રહીને અપૂર્વ સેવા કરી હતી." પૂ. મા પોતાના પૂર્વજીવનના માતાપિતા તથા ભાઇબહેનોના પ્રેમને યાદ કરે છે. ઈશ્વરભાઈના પ્રેમને યાદ કરતાં પૂ. મા કહે, "અમારા કપુરા અને સુરતના નિવાસ દરમ્યાન અમારી સાધનાત્મક જીવનની લગનને ઈશ્વરભાઇ સારી રીતે સમજી શકતા અને સુંદર સહયોગ આપતા. આજે પણ પૂ. શ્રીના દરેક કાર્યોમાં તન મન ધન દ્વારા પોતાનું યોગધન પ્રેમપૂર્વક આપી રહ્યા છે."

આજે લીલામૃતનું પારાયણ પૂરું થવાનું છે. પૂ. મા એકધારા સતત પ્રેમગાનમાં મસ્ત છે. જે અપૂર્વ પ્રેમમાંથી લીલામૃતનું પ્રાકટ્ય થયું છે, તેજ પ્રેમમસ્તી તેના ગાનમાં અનુભવી રહ્યાં છે. શબ્દો ત્યાં સ્થૂળતાનું પ્રતિક નથી, પરંતુ ગુરુદેવપ્રભુના પ્રેમને મૂર્તિમંત કરતા દિવ્ય અંશો હોય તેવા ભાવ સાથે તન્મયતા અનુભવી રહ્યાં છે. આંખોના ભાવ, હાથ-પગનું નર્તન અને સમગ્ર શ્રીવિગ્રહનું ડોલન લીલામૃતના ભાવો સાથે તાલ મીલાવી રહ્યાં છે. પૂ. મા કહે, "લીલામૃત ખૂબ જ સરળ ભાષામાં લખાયું છે જેથી મારા ગુરુદેવ પ્રભુનું સ્મરણ સૌ કોઈ સહજ રીતે કરી શકે. ભાવનું જ પ્રાધાન્ય છે એમાં." પૂ. મા કંઇક એમ સમજાવી રહ્યાં છે કે જેવી સરળતા હૃદયમાં હોય તેવી જ સરળતા ભાવોની પણ હોવી જોઈએ.

પારાયણની પૂર્ણાહુતિની તૈયારી સાથે અત્યારે રાતની બેઠક શરૂ થઈ છે. એકાદ કલાકના પ્રેમગાન સાથે રાત્રે નવ વાગ્યે પારાયણનું પ્રેમગાન પૂર્ણ થાય છે, પૂ. માના આનંદ અને ઉત્સાહનો પાર નથી. ગુરુદેવપ્રભુને યાદ કરતાં કહેઃ–



"પધારો કૃપા કરી પ્રેમે હવે, પૂર્ણાહુતિ લીલામૃતની કરો તમે."

પહેલી જ વખત જાહેરમાં લીલામૃતના પારાયણથી અને તે પણ ગંગામૈયાની ગોદમાં બેસીને અદ્ભુત પ્રેમ ને શાંતિથી થયું તેમાં પૂ. મા પ્રભુની કૃપાના દર્શન કરે છે. પ્રભુનો આભાર માનતા પૂ. મા ગદ્ગદ્ બની ગયાં છે.

"જય જય જય યોગેશ્વર ભગવંતનો,
જય જય જય શ્રી લીલામૃત ગ્રંથનો."

અદ્ભુત દર્શન છે પૂ. માનું અત્યારે, રોમેરોમમાં જાણે પ્રભુનું પ્રાગટ્ય વ્યાપી ગયું છે, વાણી વિરમી ગઈ છે, ધ્યાનમાં સરી પડ્યાં છે. ભક્તો પણ આ પ્રેમપ્રવાહમાં ડૂબ્યા છે, ઓરડામાં દિવ્યશાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. પ્રભુકૃપા અને સત્કાર્યનો સંતોષ મૌનવાણીમાં વ્યક્ત થઈ રહ્યો છે.

પૂ. માના ૧૦૮ દિવસના પાણી ઉપરના વ્રતના સમાપન નિમિત્તે છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલો પ્રભુનામ સંકીર્તનનો મહોત્સવ આજે પૂર્ણ થાય છે. સત્સંગના કાર્યક્રમો પૂ. માના સાન્નિધ્યમાં યોજાતા રહે છે. તેમાં પણ ગંગાના શાંત, પાવન અને રમણીય સ્થળે પૂ. માના સાન્નિધ્યમાં યોજાતા સત્સંગના કાર્યક્રમો તેના દિવ્ય વાતાવરણને લીધે અંતરમાં અમીટ છાપ પાડી જાય છે. એક અઠવાડિયા સુધી માણેલા ભક્તિ મહોત્સવનો આનંદ અત્યારે એ ઓરડોમાં શાંતિ અને સંતોષનું સ્વરૂપ ધારણ કરીને મૌનના રૂપમાં સાકાર બન્યો છે. હજુ પણ યોગેશ્વર લીલામૃત ગ્રંથ પૂ. માના ખોળામાં છે, પૂ. મા તો હજુ પણ ધ્યાનસ્થ છે. ધ્યાન અને જાગૃતિના ભેદ જાણે પૂ. મા માટે હવે મટી ગયા હોય તેમ લાગે છે. જાગૃત થતા પૂ. માના અંતઃકરણમાંથી વહેતા થયેલા ભાવમાં એ દર્શન સહજ રીતે થઇ રહ્યું છે.

( અનુસંધાન પૃષ્ઠ ૬૦ ઉપર )

# હજરત ઇમામ જાફર સાદિક (સત્યવાદી)

મુરાદખાન ચાવડા

હ. જાફર હ. મહંમદ પયગંબર સાહેબના દોહિત્ર હતા. ઇસ્લામના ૧૨ ઇમામમાંથી તેઓ એક ઇમામ હતા. તેમનું જીવન અત્યંત સાદુ અને કરુણા સભર હતું. કુરાનના ગૂઢ તત્વોને સમજવામાં તેમની બુદ્ધિ અદ્વિતીય હતી.

તેમના જમાનામાં અરબસ્તાન પર મન્સુર નામનો ખલીફા રાજ ચલાવતો હતો. હ. જાફર સાદિકની ખ્યાતિ આખા અરબસ્તાનથી છેક ઈરાન અફઘાનિસ્તાન સુધી ફેલાયેલ હતી. આ ખ્યાતિથી ખલીફા મન્સુર તેમના ઉપર દ્વેષ રાખતો હતો. એક દિવસ મન્સુરે પોતાના વજીરને ફરમાન કર્યું કે "ઈમામ જાફરને પકડી મારી આગળ હાજર કરો, હું તેમનો વધ કરીશ."

ખલીફાનો હુકમ સાંભળી વજીર નવાઇ પામ્યો. અને મન્સુરને સમજાવવા માંડ્યો "આપ આ શું ફરમાવો છો? હ. જાફર સાદિક તો વગડામાં એકાંતમાં વાસ કરે છે. તેમનું કામ ફક્ત અલ્લાહની ઇબાદત (ભક્તિ) સિવાય બીજું કંઇ જ નથી. અને પોતાનું સર્વસ્વ અલ્લાહને હવાલે કરી બેઠેલા એક મહાન ઇમામ છે, તેઓ સંસારિક બાબતોમાં કોઇ દિવસ માથું મારતા નથી. તેવા પવિત્ર માણસ માટે આવી આજ્ઞા?"

વજીરની શીખામણથી મન્સુર નારાજ થયો. તેને સાચી સલાહ ગળે ઉતરી નહીં ને હુકમ કર્યો "એ તમારે જોવાનું



નથી. મેં જે હુકમ આપ્યો તેનો અમલ થવો જ જોઈએ."

વજીરના છૂટકે હ. જાફર સાદિકને પકડવા ગયો. આ બાજુ મન્સુરે પોતાના વિશ્વાસુ નોકર ઉપર ફરમાન છોડ્યું "જ્યારે હ. જાફર મારી આગળ હાજર કરવામાં આવે ત્યારે હું મારા માથાની પાઘડી માથેથી ઉતારું તો તુરત જ હ. જાફર સાદિકનું માથું ધડથી જુદું કરવું."

વજીર હ. જાફર સાદિકને લઇ મન્સુરના દરબારમાં આવ્યો. મન્સુર ઉભો થઈ નમ્રભાવે હ. જાફર સાદિકને આવકારવા સામો ગયો. સત્કાર કરી હ. જાફર સાદિકને ઊંચા આસને બેસાડ્યા. આ બધું દરબારીઓ ભાળી નવાઈ પામ્યા. મન્સુરે વિવેકથી હ. ઇમામ જાફર સાદિકને પૂછ્યું "આપને કંઈ જોઇતું હોય તો ફરમાવો."

હ. ઇમામ જાફર સાદિકે ધીરગંભીર ચહેરે જવાબ આપ્યો "ફરી કોઇ વાર મને ન બોલાવશો, મારી ઇબાદતમાં નાહકનું વિઘ્ન ન નાંખશો."

અને ઇમામ જાફર સાદિક દરબારમાંથી વિદાય થયા. મન્સુરનો દેહ અચાનક કંપવા માંડ્યો. અને બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો. આમ મન્સુર ત્રણ દિવસ સુધી બેભાન રહ્યો. ચોથા દિવસે મન્સુર ભાનમાં આવ્યો. ત્યારે વજીરે આમ અચાનક મૂર્છિત થવાનું કારણ પૂછ્યું.

મન્સુરે જવાબ આપ્યો. "જ્યારે સાદિક દરબારમાં આવ્યા, ત્યારે મ રી નજરે તેમની સાથે એક ભયંકર અને ક્રૂર સાપ હતો, જે ફેણ પહોળી કરી ડંશ દેવા તત્પર હતો. અને તેની ભયંકર આંખો મને સૂચવતી હતી કે "જો તું સાદિકને કંઇ પણ સજા કરીશ, તો હું તને કરડી ખાઈશ."

આ સાપના ડરથી હું શું બોલ્યો તેનું મને જ ભાન નથી. તેમની મેં માફી માગી વિદાય આપી ત્યારબાદ ડરના

માર્યો હું બેભાન થઇ ગયો.”

એક દિવસ મહાન સૂફી દાઉદ હ. જાફર સાદિક પાસે આવ્યા. અને આજીજી પૂર્વક કહેવા માંડ્યા, “હે ખુદાના પયગંબર હ. મહંમદ સાહેબની આલ! (આલ દીકરીનો-વંશજી) હું નફસ (વાસનાઓ) ગુલામ છું મને આપ હિદાયતના (બોધના) સુખુન (શબ્દો, વાણી) કહો.”

“હે મહાન સૂફી હ. દાઉદ, આપ મહાન વિલાયત (સિદ્ધ) પામેલા જગ મશહુર શખ્સ છો, આપને મારા ઉપદેશની જરૂર ન હોય.”

હ. દાઉદે કહ્યું “હે આલે રસૂલ (મહાન પયગંબરની દીકરીના વંશધર) આપ આજના યુગના સર્વશ્રેષ્ઠ ધ્રુવ તારક સમાન મહાન ઇમામ છો. (ઇમામ-ધર્મના મહાન સરદાર અથવા દંડક) જેથી આપે મને હિદાયત કરવી ઘટે. (બોધ દેવો ઘટે)

“હે પ્રિય દાઉદ! મને મારા માટે જ શંકા છે કે કયામત (લેખા જોખાનો દિવસ) મારા નાના હ મહંમદ સાહેબ મારા માટે સિફાત (ઈશ્વર આગળ મુક્તિ માટેની ભલામણ) કરશે કે કેમ? અને મારા તરફ આંગળી ચીંધી કહેશે કે” હે મારા નવાસા (દૌહિત્ર) તેં શા માટે સુન્નત (અનુકરણ) ન કર્યું? વંશપરંપરાને લીધે ઉપદેશક થઈ શકાય નહીં. એતો જે સદાચાર પરાયણ હોય તેજ હિદાયત (બોધ) આપી શકે.”

આ સાંભળી હ. દાઉદ મોટેથી રડવા લાગ્યા. અને રડતાં રડતાં કહ્યું “જે આલે રસૂલ છે, જેના લોહીમાં હ. મહંમદ પયગંબર સાહેબના પવિત્ર રક્તકણો ભ્રમણ કરે છે. જેનું નિષ્પાપી જીવન છે અને ઇસ્લામની મહાન ઇમામત જેના હાથમાં છે. તેવા મહાન સત્યવાદી હ. જાફર સાદિક પોતે જ પોતાના ચારિત્ર વિષે આટલા બધા અભિમાન વગરના હોય



તો પછી મારા જેવા પામર દાઉદ તો આચરણનું શું અભિમાન કરી શકે?”

એક દિવસ ઇમામ સાદિકે (સત્યવાદીએ) કહ્યું કે “આપણામાંથી જે કયામતના દિવસે મુક્તિ પામે તેણે બીજાના પાપોની ક્ષમા માટે અલ્લાહ પાસે સિફાત (ભલામણ) માગવી.” ત્યારે તેમના પરમ મિત્રોમાંથી એક બોલ્યા “હે સત્યવાદી તમારે અમારી એવી સિફાતની (ભલામણ) શી જરૂર? આપના નાના બાપુ (હ. મહંમદ પયગંબર સાહેબ) આખા જગતના લોકોની મુક્તિ માટે સિફાત (ભલામણ) કરવાના છે તે આપને ન જ ભૂલે ને?”

હ. જાફર સાદિકે પ્રત્યુત્તર વાળ્યો. “હું મારા ચારિત્ર માટે કયામતના દિવસે મારા નાનાબાપુ (માતામહ) તરફ નજર કરતાં પણ શરમાઉં છું.”

એક દિવસ એક માણસ હ. જાફર સાદિક પાસે આવ્યો અને જીદ કરી કહેવા લાગ્યો કે “હું દિદારે ખુદા (ઈશ્વર દર્શન) કરવા ચાહું છું, મને દિદારે ખુદા કરાવો.”

સાદિકે ધીરજથી કહ્યું “ખુદાએ મુસા પ્રતિ જે ફરમાન કરેલું હતું તે શું તમે નથી સાંભળ્યું?” અલ્લાહે ફરમાવ્યું છે કે મને જોઇ શકશો નહિ “એ વાત શું તમે ભૂલી ગયા?” પેલો માણસ બોલ્યો કે “વાત બરાબર છે. પણ હાલ ઉમ્મતે મહંમદી (મહંમદ પયગમ્બર સાહેબનો ધર્મયુગ) ચાલે છે ઉમ્મતે મુસાનો સમય ચાલ્યો ગયો અને દિદારે ખુદા માટે જીદ લઇને બેસી ગયો.

હ. સાદિકે તેમના અનુચરોને ફરમાવ્યું “આ માણસને અવળા હાથે બાંધો અને નદીમાં ડૂબાડો.” અનુચરોએ પેલા માણસને સજ્જડ હાથ બાંધી વહેતી નદીના પાણીમાં નાખ્યો અને જરા વાર પાણીમાં નાખ્યા બાદ બહાર કાઢ-

વાનો હુકમ કર્યો. એટલે પેલો માણસ કરગરી કહેવા માંડ્યો "યા આલે રસૂલ, મને ક્ષમા કરો, હું આપની સાથે દલીલમાં ઉતર્યો અને જીદ કરી." એટલે ફરી તેમના અનુચરોને ફરમાન કર્યું "તેને ફરીવાર પાણીમાં ડૂબાડો." આમ કેટલીયે વાર નદીના નીરમાં ડૂબાડ્યો અને બહાર કાઢ્યો. દરેક વખતે પેલો માણસ હ. સાદિકને કરગરતો હતો અને ક્ષમા માગતો હતો. ત્યાં ફરી ફરમાન થયું. "આને નદીના ઊંડામાં ઊંડા ધરામાં નાખો" ત્યારે પેલો માણસ સાવ ભાંગી પડ્યો. નિરાશ થઈ ગયો. તેને લાગ્યું કે "મારું અહીં કોઈ સાંભળવાવાળું નથી કે નથી કોઈ દયા ખાનાર! અને આ વખત મને જરૂરથી ઊંડા નીરમાં ડૂબાડી મારશે. તેવા ભયથી તે અલ્લાહનું મોટેથી સ્મરણ કરવા માંડ્યો. ત્યારે હ. સાદિકે તેમના અનુચરોને ફરમાવ્યું કે હવે તેને નદીના નીરમાંથી બહાર કાઢો. પેલા માણસને બહાર કાઢ્યો. અને હ. સાદિક બોલ્યા. "કેમ દિદારે ખુદા થયું?" ત્યારે પેલા જીદ્દી માણસે કહ્યું "હું જ્યાં સુધી બીજાનો આશ્રય (પનાહ) પકડી રહ્યો હતો, ત્યાં સુધી મારા અને ખુદા વચ્ચે અભેદ આવરણ હતું પરંતુ મેં મારી જાતને અલ્લાહને હવાલે કરી અને અલ્લાહ એકજની પનાહ (આશ્રય) માગી વ્યાકુળ બન્યો, ત્યારે મારા હૃદયનાં દ્વાર ઉઘડી ગયાં અને દિલમાં દિદારે ખુદા થયા. તથા મનની અશાંતિ ચાલી ગઈ, ધૈર્ય આવ્યું."

"બરાબર છે, જ્યાં સુધી તમો મને સંભારીને સાદ મારતા હતા ત્યાં સુધી તમો મિથ્યાવાદી હતા, પણ હવે અલ્લાહ તવ્વકલ (અલ્લાહના વિશ્વાસે) થતાં, દિલનાં દ્વાર ખુલી ગયાં. આ દ્વાર હવે તમે તેને બંધ થવા ન દેશો. તેનું સાવધાનીથી રક્ષણ કરજો. "માણસે આ જગતની સર્વે



જણસો (ભૌતિક)નો આશ્રય છોડી એક જ અલ્લાહની પનાહ લેવી જોઇએ." પેલો માણસ ધન્યતા અનુભવતો ત્યાંથી ચાલી નીકળ્યો.

એક દિવસ હ. જાફર સાદિકે કિમતી વસ્ત્રો ધારણ કર્યાં આ ઉત્તમ વસ્ત્રો ભાળી એક શખ્સે અરજ કરી. "હે આલે નબી, (પયગંબર સાહેબની દીકરીના વંશધર) આપ આલે નબી છો! આપને આવાં કિંમતી વસ્ત્રો પહેરવાં શોભે છે?"

આ વચનો સાંભળી પેલા શખ્સનો હાથ પકડી પહેરણ ઊંચું કરી તેના નીચે પહેરેલ જાડૂં જર્જરિત, ખરબચડું કપડું બતાવ્યું અને સદવચનો કાઢ્યાં" આ ઉપરનું વસ્ત્ર છે, તે તો લોકો માટે છે અને નીચેનું વસ્ત્ર તો અલ્લાહ માટે છે, અલ્લાહને પામવા માટે!"

એક દિવસ એક માણસે હ. સાદિકને કહ્યું કે, આપ તો આલે નબી છો. આ કૂળ માટે આપને અભિમાન હોવું જ જોઇએ; કારણ કે આપ આ વંશની શોભારૂપ છો!"

"ના, હું એનાથી અભિમાની થઈશ નહિ. પણ તે કૂળ-માં જન્મ્યો છું તેનો અહોભાગ્ય સમજીશ. જ્યારે માનવ પોતાનું અભિમાન વિસર્જન કરે છે ત્યારે જ તેનામાં નુરે ઈલાહી (ઈશ્વરી પ્રકાશ) ઉતરી આવે છે. માનવે પોતાના શરીર કે કૂળ-જાતિનું અભિમાન રાખવું જોઇએ નહિ, પરંતુ તારીફે ખુદા (ઈશ્વરી મહિમા)માં પોતાની ખુદી (અભિમાન) અને પ્રતિષ્ઠાને ગાળી દેવામાં જ ગૌરવ માનવું જોઇએ."

એક માણસને પોતાના નાણાં ભરેલી થેલી ગૂમ થઈ જણાઇ. તે સમજ્યો કે નાણાંની થેલી કોઇ ચોરી ગયું હશે. હ. સાદિકના ચીથરેહાલ કપડાં ભાળી તેણે હ. સાદિકને ચોર સમજી તેમને પકડ્યા અને પોતાની નાણાં ભરેલી થેલી

હાજર કરવા કહ્યું.

હ. સાદિકે પેલા માણસને પૂછ્યું "તેમાં (થેલીમાં) કેટલાં નાણાં હતાં ?"

"એક હજાર રૂપિયા (અશરફીઓ) હતી."

હ. સાદિકે પેલા માણસને પોતાની સાથે આવવા જણાવ્યું, પેલો માણસ તેમની પાછળ પાછળ ચાલ્યો.

હ. સાદિક તેમના ઘેર લઈ ગયા અને એક હજાર અશરફીયો (સોનામહોરો) ગણી આપી.

પેલા માણસને થોડાક દિવસો બાદ ગુમ થયેલી અશરફીયોની થેલી મળી આવી. એટલે, હ. સાદિકે આપેલા નાણાં લઈ હ. સાદિકને પરત કરવા આવ્યો અને માફી માગતાં કહ્યું કે "આપે ચોરી કરેલી ન હતી છતાં મેં આપના પર આરોપ મૂકયો તે બદલ આપ મને ક્ષમા કરો અને આ નાણાં પરત લઈ લ્યો."

હ. સાદિકે નાણાં લેવા ના ભણી દીધી. "આપેલી વસ્તુ હું પાછી લઈ શકીશ નહીં" પેલા માણસે જાણ્યું કે આતો હ. ઈમામ જાફર સાદિક છે, ત્યારે તે ઘણો જ શરમિંદો થયો અને પ્રાયશ્ચિત કરવા લાગ્યો અને હ. ની માફી માગી.

એક દિવસ હ. સાદિકને યાદે ઈલાહીનો ગલબો (ઉન્માદ) છાઇ ગયો હતો, મોટે મોટે અવાજે અલ્લાહનું નામ લેતા હતા અને રસ્તે ચાલ્યા જતા હતા. તેઓની પાછળ એક દુ:ખી માણસ પણ તેમનું અનુકરણ કરવા લાગ્યો. ત્યાં હ. સાદિકે અલ્લાહને આજીજી પૂર્વક અરજ ગુજારી. "યા અલ્લાહ, આજે તો પહેરવા તેમજ ઓઢવાને કશું જ નથી." મોંઢેથી આવા ઉદ્દગારો નીકળતાં જ અલ્લાહની રહેમથી (ઈશ્વરકૃપાથી) કેટલાંક ઉત્તમ અલૌકિક રીતે વસ્ત્રો તેમને પ્રાપ્ત થયાં. તે ઉત્તમ વસ્ત્રો હ. સાદિકે સ્વીકારી લીધાં. ત્યારે



પેલો પાછળ આવતો દુ:ખી માણસ આગળ આવી બોલ્યો, "હજરત ! આ કપડાંમાં હુંયે ભાગીદાર છું, ખુદાની ઇબાદતમાં હું પણ આપની પાછળ સામેલ હતો. એટલે આ વસ્ત્રોમાં હું પણ ભાગીદાર ગણાઉં. મને આ ઉત્તમ કપડાં ન આપો તો ચાલશે, પણ આપનાં જીર્ણસીર્ણ જૂનાં કપડાં મને આપશો તો ચાલશે, તે કપડાંથી મારો હક્ક મળી ગયો તેમ સમજીશ." હ. સાદિકે પોતાના જીર્ણસીર્ણ કપડાં ઉતારી પેલા દુ:ખી માણસને આપ્યાં. પેલા દુ:ખી માણસે તે કપડાં ધારણ કર્યાં ત્યાં તો ચમત્કાર થયો કે તેનામાં નૂરે ઈલાહી (ઈશ્વરી તેજ) પ્રગટ થયું.

*

## હ. ઇમામ જાફર સાદિકનાં સુખુનો. (સાર વચનો)

### હ. ઈમામ જાફર સત્યવાદીનાં વચનામૃત

સાબીર (ધૈર્યવાન) સૌથી શ્રેષ્ઠ છે કે કૃતજ્ઞ ધનવાન શ્રેષ્ઠ ?

સાબીર શ્રેષ્ઠ છે, કેમકે ધનવંત (તવંગર) ગમે તેટલો ભલો હોય, તો પણ તેનું મન લક્ષ્મીના વિચારમાં રોકાયેલું હોય છે, અને સાબીર તો યાદે ઇલાહીમાંજ સદા ગુંથાયેલો રહે છે.

તોબા (પ્રાયશ્ચિત) સિવાય ઈબાદતનો આરંભ થતો નથી. માટે જ તોબાને જ ઇબાદતનું પ્રથમ અંગ કહેલું છે.

ફરમાને ખુદા છે કે "હું મારી પોતાની સ્વભાવિકી કરુણાથી માણસને તેની ઇચ્છા કરતાં વિશેષ આપું છું." "કુરાન"

અમાવાસે ઘોર અંધારી રાતમાં કાળા પથ્થર ઉપર ફરતી ઝીણામાં ઝીણી કીડીની પેઠે અલ્લાહ ઇન્સાનના દિલ-

માં ગૂઢ રૂપે વાસ કરે છે.

ચાર પ્રકારના માણસોથી હંમેશાં ચેતતા રહો. (૧) જૂઠા બોલો. જેના સંગથી સદા માટે ઠગાવવાનું. (૨) મૂર્ખ. ભલે શુભેચ્છક હોય પણ તેની મૂર્ખતાથી જ તમારું અશુભ થશે. (૩) બખીલ (કંજુસ) પોતાના સ્વાર્થ ખાતર તમોને કોઈક વખત મહાન હાનિ પહોંચાડશે. (૪) નીચ હૃદયી માણસ. તમારા પર આવેલ સંકટનો ગેરલાભ ઉઠાવી તમારો નાશ કરશે.

ગરમાગરમ ચર્ચા અટકાવવાનો એક સચોટ રસ્તો છે: એની પર એક ઠંડી હકીકત પડતી મૂકો.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨



# આત્મસાધકની અભીપ્સા

મહેન્દ્ર ઈ. પંડયા

દિવસ ઉગે છે સવારે, બપોર થાય છે, અને સાંજ ઢળે છે, એમજ માનવજીવનમાં પ્રભાતસમી બાલ્યાવસ્થા હોય છે નિર્દોષ, તાઝગીભરી, પરંતુ પછી આવે છે જુવાની–પ્રેરણા, ઉલ્લાસ, ઉત્સાહ, અને યૌવનનો થનગનાટ, નવીન ભાવનાઓ, નવીન આદર્શો, પ્રેમ, સમર્પણ, પ્રવૃત્તિથી ભરપુર. જીવનની સંધ્યાએ આવે છે પ્રૌઢાવસ્થા,–જીવનના વિવિધ અનુભવોથી સમૃદ્ધ, ગંભીર, શાંત અને સંસારી વિષયોથી દૂર–અલિપ્ત–નિવૃત્તિ. શ્રી યોગેશ્વરજી યોગી હતા, જ્ઞાની હતા, પરંતુ માનવી તો હતા જ, એટલે એમના જીવનમાં પણ બાલ્યાવસ્થા, યૌવન, પ્રૌઢાવસ્થા અને એ અવસ્થાઓમાંથી જન્મતી વૃત્તિઓ તો હોય જ. યૌવનસહજ ઉચ્ચભાવનાઓ–પ્રેમ, સમર્પણ, દેશદાઝ, વગેરે તો તેમનામાં હોય જ. 'અભીપ્સા'ના કાવ્યો ઇ. સ. ૧૯૪૪ થી ઇ. સ. ૧૯૫૫ વચ્ચે લખાયાં છે, એટલે એ કાવ્યો યૌવનસુલભ ઉચ્ચ આદર્શો, ભાવનાઓ, ઊર્મિઓથી ભરપુર હોય તેમાં અસ્વાભાવિક કાંઇ જ નથી.

માનવમનમાં વિવિધ ઊર્મિઓ, આકાંક્ષાઓ, ઇચ્છાઓ જન્મે તો છે જ, પરંતુ યૌવનમાં શક્તિ, ઉત્સાહ ભાવિની કલ્પનાઓ અને એને સાકાર કરવાનો પુરુષાર્થ કરવાની વૃત્તિ હોય છે. જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં આ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે એનું મન થનગનતું હોય છે અને એ માટે સક્રીય પ્રયાસો પણ એ કરે છે, પરંતુ કાર્ય વિચારને અનુસરે છે, અને એ વિચારો, સંકલ્પો, વ. પ્રતિભાશાળી સાહિત્યકારોના સર્જનમાં દર્શન દે છે. સાહિત્યના સર્વ

પ્રકારોમાં કાવ્ય પ્રકાર આ પ્રકારની અભિવ્યક્તિ માટે વધારે અનુકૂળ છે, અને એ ભાવનાઓ, સંકલ્પો વગેરે કાવ્ય દ્વારા સંક્ષેપમાં સચોટતાથી શબ્દસ્થ કરી શકાય છે.

યૌવનની ઉછળતી ઊર્મિઓમાં પ્રેમ ન હોય એ તો શક્ય જ નથી; પછી એ સંસારીનો હોય કે ભક્તનો. એ પ્રેમના કેન્દ્રસ્થાને પછી કોઈ વ્યક્તિ હોય કે પ્રભુ પરમાત્મા જગન્નિયંતા એ કેન્દ્રનો આધાર વ્યક્તિની માનસિક ભૂમિકા પર હોય છે. સંસારીનો પ્રેમ વ્યક્તિ પ્રત્યે હોય તો પ્રભુ પ્રત્યે એજ ભાવ–ભક્તિ–હોય ભક્તનો. સાહિત્યિક પ્રતિભા ધરાવનાર વ્યક્તિ સંસારી હોય તો પ્રણયકાવ્યોનું સર્જન થાય અને યોગી, જ્ઞાની, ભક્ત હોય તો તેનાથી સર્જન થાય ભક્તિ કાવ્યો. એનો પ્રેમ, વિરહ વગેરેના કેન્દ્રમાં હોય નિરંજન, નિરાકાર પરમાત્મા, પછી ભલે એની અભિવ્યક્તિમાં પરિભાષા સંસારીની હોય. આપણા સાહિત્યમાં નરસિંહ, મીરાં વગેરેનાં દૃષ્ટાંતો મોજુદ છે. 'નરસૈયો ભક્ત હરિનો' કે 'મીરાં દાસી જનમજનમની' માં જે પ્રેમની વિહવળતા કે ઉત્કટતા ભરી છે તે શું કોઈ વ્યક્તિગત પ્રેમથી જરાય ઉતરતી કોટિની છે? સુફીવાદમાં કે પ્રેમ લક્ષણા ભક્તિમાં પણ પરમાત્મા પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ તો સ્ત્રીપુરુષ સંબંધની ભાષામાં જ થાય છે. શ્રી યોગેશ્વરજી યોગી છે, જ્ઞાની છે, પણ એમનો પ્રેમ પણ નિરંજન, નિરાકાર, સર્વ-વ્યાપક પરમાત્મા પ્રત્યે જ છે. એમની ભક્તિ પણ મીરાંની માફક પ્રેમ લક્ષણા ભક્તિના સ્વરૂપે જ વ્યક્ત થાય છે. એમાં પ્રેમની ઉત્કટતા છે, વિહવળતા છે, વિરહની વેદના છે, મિલનનો આનંદ છે, સંસારી અનુભવોનું વર્ણન છે પણ એ સર્વનું કેન્દ્ર-લક્ષ્ય છે પરમાત્મા. 'અનુરાગ' એ કાવ્યમાં એ ભાવનાની અનન્યતાનું વર્ણન છે.



"એક તમારા ભાવ ભર્યા છે
અન્ય વિચાર ખરેજ મર્યા છે,
રાગ તમારો એક રહ્યો છે
પ્રાણ નવીન પ્રફુલ્લ થયો છે
અંતરનો અનુરાગ થયો છે"

'ભમરો' કાવ્યમાં એજ ભક્તિભાવની ઉત્કટતા અને ભક્તિના પ્રભાવનું નિરૂપણ છે–

"પ્રેમ પ્રભાવ કહ્યો છે એવો સંતોએ સઘળો
મધુરતાતણી અજબ મોહિની નેહ નશો મધુરો"

'યાદ', 'જીવન,' 'પ્રેમની પિપાસા', 'પ્રેમનગરનાં વાસી', 'પ્રેમપૂજારી' વગેરે કાવ્યોમાં સંસારી ભાવો સ્પર્શ, સહવાસ, સંસર્ગ વગેરેના ઉલ્લેખ સંસારની સ્થૂળ દૈહિક પરિભાષામાં કરેલો છે, પરંતુ એની પાછળ પ્રધાન હેતુ તો સંસારીઓના અનુભવ દ્વારા ભક્તની લાગણીની ઉત્કટતાનાં દર્શન કરાવવાનો જ છે.

"પથારી રહી મારી સૂની, આળોટું છું ખાલી,
તમારી નથી સંનિધિ તો સુખ ના સુજને કાંઈ,
આ મુજ જીવન પ્રાણ પધારો
વીતે મોંઘી રાત,
આતુરને પાગલ છું સાચે
તમારા મિલન કાજ."

(યાદ પૃ. ૨)

આમ પોતાના પ્રિયપાત્રના વિરહ અને મિલનના ભાવોની ઉત્કટતામાં આ કાવ્ય પ્રભુને ઉદ્દેશીને લખાયલું હોવા છતાં સંસારી ભાવોનું–અનુભવોનું–તાદૃશ નિરૂપણ છે. પ્રેમ લક્ષણા

ભક્તિમાં પ્રભુની સર્વવ્યાપકતા અને પ્રભુને ભક્તના મિલનના આનંદનું સુંદર વર્ણન 'સાધના'ની નીચેની પંક્તિઓ છેઃ–

"સાધો હું તો પ્રેમપુજારી

ઘટ ઘટ રાજે પ્રિયતમ મારો રહ્યો બધે જ છવાઈ
ક્ષણ ક્ષણ પળે સુહાગરાતની મોજ રહ્યો રસ ભારી"

ભક્તના પ્રેમની ઉત્કટતાની સાથે સાથે સર્વવ્યાપક પ્રભુના તત્ત્વજ્ઞાનનું સુંદર સંમિશ્રણ ઉપરની પંક્તિઓમાં કરેલું છે.

શ્રી યોગેશ્વરજી માત્ર ભક્ત જ નથી, યોગી છે, જ્ઞાની છે, એટલે એમના કવનમાં તત્ત્વજ્ઞાન ના હોય એ તો શક્ય જ નથી. પ્રેમ લક્ષણા ભક્તિની ભાવનાથી સભર કાવ્યોમાં પણ અદ્વૈતના ઉપાસક–તત્ત્વજ્ઞાની યોગેશ્વરજી છુપા નથી રહી શકતા. પોતાના પ્રિયતમ પ્રત્યેના તલસાટમાં પણ જીવ અને શિવ–આત્મા અને પરમાત્મા–ના અભેદનો ઉલ્લેખ તો છે જ, અને તત્ત્વજ્ઞાન દ્વારા પ્રેમનો તલસાટ ઉચ્ચ ભૂમિકાએ પહોંચે છે.

"હૈયે હરિનો વાસ
એમાં ભેદ નથી કાંઇ ખાસ" ('હૈયે હૈયે')

"થયો પાવન પળે ત્યાં આપણો અંતરતણો સંગમ,
તરત ત્યારે પિછાન્યું ઢૂંઢનારો હું મને જ હતો"
('ન જાણે')

"ક્યાં તું શોધી રહ્યો એને કહેને,
શોધવું ઉરમાંજ છાજે,
વૃક્ષ ને વેલમાં, પાણીને પર્વત,



જો એ ગગનમાં ગાજે
પ્રભુ તારી પાસેમાં પાસે બિરાજે
('પ્રભુ')

પ્રભુની પુજાની સામાન્ય વિધિમાં પણ કવિ સૂક્ષ્મ ભાવોનું સુંદર આરોપણ કરે છે, એના દૃષ્ટાંત તરીકે 'બિલિપત્ર' કાવ્ય ઘણું જ સુંદર છે. એની અંતિમ પંક્તિઓ ખૂબ જ ભાવવાહી છે.

"તન, મન, અંતર ત્રણ પત્રોનો
અર્પણ પ્રાણ કરૂ,
પ્રાણે પુનિત પ્રેમ પ્રકટાવો
તે નૈવેદ્ય ધરૂં,
—ચઢાવું બીલીપત્ર ના હું !"

તત્ત્વજ્ઞાન અને ભક્તિની તન્મયતા–તલસાટમાં કવિ પોતાની આસપાસના વિશ્વને, રાષ્ટ્રને કે પોતાનાં સંસારના સંતાપોથી શોષિત પીડિત માનવબંધુઓને ભૂલતા નથી. તેમના પ્રત્યે કવિની અનુકંપા, સહાનુભૂતિની સરવાણીઓ પણ ઘણાં કાવ્યોમાં છે. કવિ જીવન–જગતની વાસ્તવિકતા પ્રત્યે સજાગ છે, અને એમના એ ભાવનાનું નિરૂપણ કરતાં ઘણાં કાવ્યો આ કાવ્ય સંપૂટમાં છે–'ભાવના' 'ધૂન' 'શક્તિ દો' 'સંવેદન,' 'ફનાવૃત્તિ' 'નવ જગ રચો' વગેરે કાવ્યોમાં આ ભાવના પ્રતિબિંબિત થએલી છે, એમાંથી થોડી પંક્તિઓ—

"જે હીનહીન છે બંધનમાં બંધાયેલાં,
તે સર્વકાજ હો મારા અંતરમાં પીડા,

જે વ્યથિત પતિત અંધારામાં અથડાયેલાં,
જોતાં વેંતજ વાગી રહો મારી વિણા"
('ભાવના પૃ. ૬૮')

સંસારથી વિમુખ સંન્યાસી બનીને જગત તરફ આંખ મીંચીને બેસી રહેનાર યોગીપણું શ્રી યોગેશ્વરજીને પસંદ નથી. 'સંવેદન' આખું કાવ્ય હૃદયસ્પર્શી છે, એમના સમસંવેદનને ઘણી જ સચોટતાથી વ્યક્ત કરે છે. એમના જીવનના–વ્યક્તિત્વના એક મહત્ત્વના પાસાનું દર્શન કરાવે છે, અને એમના સેવાપરાયણ જીવનને સમજવાની ચાવીરૂપ છે તેમાંથી થોડી પંક્તિઓ—

"એવું સંતપણું મને કો'દી ના પસંદ,
જેને નહિં દેશનો કે સૃષ્ટિનો સંબંધ,
દેશની ગુલામી, દુઃખ, સૃષ્ટિના કલંક,
જોવા છતાં જેનામાં ના કરૂણાની ગંધ!
(સંવેદન પૃ. ૬)

કવિ યોગી અને જ્ઞાની હોવા છતાં માનવસમાજના અંગરૂપ રહીને સમાજના ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપવાની અભિલાષા અહીં વ્યક્ત કરે છે.

માતાભારતીની ગુલામદશાને અનુલક્ષીને લખાયલાં કાવ્યો ('સંવેદના' પૃ. ૭૪ 'દેશને' પૃ. ૧૨૮) વગેરેમાં કવિ યોગી અને જ્ઞાની હોવા છતાં દેશની દુર્દશા–ગરીબી, ગુલામી, સામાજિક બંધનો વગેરે પ્રત્યે બેધ્યાન નથી, એ પરિસ્થિતિ અને ભારતની ભૂતકાળની ભવ્યતા, તથા તેમાં પોતાના યોગદાનની ઇચ્છાને કવિ નીચેની પંક્તિઓમાં વાચા આપે છે.

"ગરીબી ને તારાં અગણિત સમાં બંધન બધાં
તૂટે મારે હાથે, જગત શિર–શોભા મુકુટ થા."
(સંવેદન પૃ. ૭૪)



આમ 'અભીપ્સા' કાવ્યસંગ્રહમાં શ્રી યોગેશ્વરજીના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંની વિકાસોન્મુખ ઇચ્છા–આકાંક્ષાઓનું તાદૃશ પ્રતિબિંબ દેખાય છે આ પ્રાર્થનાઓ–ભજનો –ગીતો વગેરેમાં વ્યક્ત થતી એમની અભીપ્સામાં એમના સેવાપરાયણ ભક્ત જીવનના પાયા રહેલા છે, આધ્યાત્મિક ઉન્નતિનાં બીજ છુપાયલાં છે. એમના આ કાવ્ય સંપૂટમાં નરસિંહ મહેતાનું તત્ત્વજ્ઞાન, મીરાંની ભક્તિ પરાયણ તન્મયતા તથા પ્રેમ લક્ષણા ભક્તિનો તલસાટ, અને એમના કાવ્ય સ્વરૂપ પરત્વે કલાપી અને બાલાશંકરના ગઝલો તથા યુગ પ્રભાવ–રાષ્ટ્ર પ્રેમ, માનવબંધુઓ પ્રત્યે સમસંવેદન-વગેરેનો મેઘધનુષ્યના રંગો સમો સુંદર સમન્વય છે જેમાં રંગોનું પોતીકું સૌંદર્ય છે, અને સર્વ રંગોનું નયનરમ્ય યુગપદ્-મિલન પણ છે.

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદિપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# पंगु लंघयते गिरिम्

લેખક : યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

કેરલ રાજ્યમાં હિન્દુ બાળક બોલતાં શીખે ત્યારે આપો આપ જ 'અગ્રે પશ્યામિ તેજઃ'થી શરૂ થતું સ્રગ્ધરા છંદમાં રચાયેલ સ્તોત્ર બોલવા લાગે છે કારણ કે જન્મ અગાઉ અને જન્મ પછી પણ તે ઘરમાં માબાપને કંઠે આ સ્તોત્ર સાંભળતું આવે છે તેના સંસ્કારોને કારણે જ એને આ સ્તોત્ર કંઠાગ્ર કરવા શ્રમ ઉઠાવવો પડતો નથી.

કેરલમાં હિન્દુઓના ઘેર ઘેર ગુંજતું આ સ્તોત્ર નારાયણ ભટ્ટ નામના વિદ્વાને દસ દસ શ્લોકના એક એવા સો સ્તોત્રમાં રચી ભગવાન શ્રીકૃષ્ણની અવતારલીલા તથા જીવનલીલાનું ગાન કર્યું છે. કેરલના પોન્નાની તાલુકામાં તીરૂનાવેનું પ્રખ્યાત મંદિર આવેલું છે. આ મંદિરથી બે માઈલ દૂર ભરત નદીની ઉત્તરે મેપાથર ઈલ્લમ નામના ગામમાં નારાયણ ભટ્ટનો જન્મ ૧૫૬૦માં થયો હતો.

નારાયણ ભટ્ટના પિતા માતૃદત્ત કુમારિલ ભટ્ટના ભટ્ટ-મીમાંસા તથા તંત્રશાસ્ત્રના મહાવિદ્વાન હતા. તેઓ કથાવાર્તા તથા ક્રિયાકાંડથી ગુજરાન ચલાવતા હતા અને બાકીનો સમય બાળક નારાયણ ભટ્ટને સંસ્કૃત શીખવવામાં ગાળતા. પિતાએ એમને વિવિધ શાસ્ત્રો શીખવ્યાં. તેઓ દામોદર આર્ય પાસેથી તર્કશાસ્ત્ર, માધવાચાર્ય પાસેથી વેદો અને અચ્યુત આર્ય પાસેથી વ્યાકરણ શીખ્યા.

નારાયણ ભટ્ટે તેજસ્વી બુદ્ધિને લીધે માત્ર સોળ વર્ષની વયમાં જ ઘણી વિદ્યા સંપાદન કરી લીધી. ત્યારબાદ ઘણાં વર્ષો સુધી તેઓ આચાર્ય પીશારેડી પાસે વ્યાકરણનો ઊંડો



અભ્યાસ કરતા રહ્યા, પણ યુવાનીમાં તેઓ ચારિત્ર્ય ભ્રષ્ટ થવા લાગ્યા એ જાણી ગુરુએ કટાક્ષ કરીને કહ્યું કે, 'બેટા, વ્યાકરણશુદ્ધિની માફક જીવનશુદ્ધિ પણ ખૂબજ આવશ્યક છે.' ગુરુની આવી એકમાત્ર ટકોરથી નારાયણ ભટ્ટે જીવનનો માર્ગ સુધારી લીધો.

ગુરુને પક્ષાઘાતનો રોગ લાગુ પડ્યો હોઇ તેઓ ઉઠી પણ શકતા નહીં. આથી નારાયણ ભટ્ટ ભગવાનને નિત્ય પ્રાર્થના કરતા કે, 'હે પ્રભો, મારા ગુરુનો રોગ મને આપો પણ મારા ગુરુને સાજા કરો. અને થયું પણ તેમજ. બરાબર ૨૭ વર્ષની વયે નારાયણ ભટ્ટને પણ પક્ષાઘાતનો રોગ લાગુ પડ્યો અને બંનેય પગ નકામા થઈ ગયા. ક્યાંક જવું હોય તો ઘસડાઈ ઘસડાઇને જ જવું પડતું. ઊભા તો થઈ જ ન શકાતું. ક્યારેય નવરા બેસી રહેવાની ટેવ ન હોવાથી એમને જીવન ભારે વસમું લાગ્યું. સહુ કોઈ એમની દયા ખાવા લાગ્યા તે તેમનાથી સહન થતું ન હતું.

એમણે પોતાની આ હૃદયવેદના કેરલના તે સમયના મહાન ભક્તકવિ થનચેથને પત્ર લખીને દર્શાવી અને પુછાવ્યું કે, 'શું, ભગવાન ખરેખર પોતાના ભક્તોનાં દુઃખદર્દ દૂર કરે છે ? જો ભગવાન ખરેખર, દુઃખદર્દ દૂર કરતા હોય અને લંગડાને પણ પર્વત ઓળંગાવતા હોય (પંગું લંઘયતે ગિરિમ્) તો તેઓ મને શું ફરી ઉઠતો, ચાલતો, દોડતો, પર્વત ચડતો કરશે ? આને માટે આપ મને ઈલાજ દર્શાવશો તો ભારે કૃપા થશે.

ગુરુ વાયુરના મંદિરમાં રહેતા ભક્તકવિએ જવાબ આપ્યો, 'અહીં ગુરુવાયુરના મંદિરમાં આવો અને માછલાથી શરૂ કરો !'

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકામાં જે ઈષ્ટદેવની મૂર્તિની નિત્ય-પૂજા કરતા હતા તે કેરલમાં ગુરુવાયુરના મંદિરમાં સ્થાપવામાં આવી છે. પૃથ્વી પર ન મળે એવા પથ્થરની બનેલી આ દિવ્યમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણે દ્વારિકા નગરી ડૂબી જાય તે અગાઉ ભકતરાજ ઉદ્ધવજીને આપી હતી અને કોઈ યોગ્ય મંદિરમાં સ્થાપવા જણાવ્યું હતું. કેરલમાં બૃહસ્પતિ તથા વાયુદેવે ભવ્ય મંદિર બંધાવ્યું ત્યારે ઉદ્ધવજીએ પોતાની પાસેની આ મૂર્તિ આ મંદિરમાં પધરાવવા આપી દીધી હતી, અને આજે પણ આ મૂર્તિ ત્યાં છે.

નારાયણ ભટ્ટ ઘસડાતા ઘસડાતા, ગુરુવાયુરના મંદિરમાં પહોંચી ગયા. ભક્તકવિએ માછલાથી શરૂઆત કરવાનું સૂચવ્યું હતું તેની પાછળની વ્યંજના તેઓ સમજી ગયા કે ભક્તકવિએ એમને દશાવતારથી મત્સ્યાવતારથી કાવ્ય રચવાની શરૂઆત કરવા આજ્ઞા કરી હતી એમણે મત્સ્યાવતારથી શરૂ કરી શ્રીમદ્ ભાગવતની શ્રીકૃષ્ણલીલાનો આધાર લઇ એકએક પ્રસંગ દસ દસ શ્લોકોમાં સંસ્કૃતના વિવિધ છંદોમાં રચવાની શરૂઆત કરી. ૧૫૮૭માં સત્તાવીશ વર્ષની વયમાં જ તેમણે નારાયણીયમ્ નામનું આ ભકિત તથા પ્રાર્થનાનો સમન્વય કરતું કાવ્ય ૧૦૩૬ શ્લોકોમાં રચ્યું.

તેઓ દરરોજ દશ શ્લોકમાં એક પ્રસંગ રચીને અન્તે 'આ પ્રસંગમાં આપે તરત સહાય કરી, તો મારું આ દુઃખ કયારે દૂર કરશો ?' એવો સવાલ કર્યો. ૯૯ દિવસ સુધી આમ ચાલતું રહ્યું. દરરોજ સ્તુતિ કરી તેઓ પોતાના પગ સામે જોતા અને નિસાસા સાથે અશ્રુબિંદુઓ વહાવતા.

પણ છેલ્લા દસ શ્લોકોની શરૂઆત કરતી વખતે મૂર્તિ સજીવન થઇ. ચારેબાજુ ઝળહળાટ પથરાઇ ગયો અને 'અગ્રે



પશ્યામિ તેજ'થી શરૂ થઈ છેલ્લા દસ શ્લોકો રચાઈ ગયા. નારાયણ ભટ્ટે ભગવાન શ્રીકૃષ્ણનાં જે સાક્ષાત્ દર્શન કર્યાં તેનું એમાં વર્ણન છે.

આ શ્લોકો પૂરા થતાં જ નારાયણ ભટ્ટ આનંદવિભોર બની ઊભા થઇ ગયા અને પક્ષાઘાત કાયમ માટે મટી ગયો. તેઓ ગદ્ગદ કંઠે ભગવાનની મૂર્તિને ભેટી પડ્યા. ત્યારબાદ નારાયણ ભટ્ટ ૧૦૬ વર્ષની વય સુધી નીરોગી રહીને જીવ્યા.

આ 'અગ્રે પશ્યામિ તેજ' સ્તોત્રનો આધાર લઇ મેં જે રૂપાંતરિત ભક્તિકાવ્ય રચ્યું છે તે અત્યંત લોકપ્રિય થયું હોવાથી અહીં રજૂ કરુ છું.

## અગ્રે પશ્યામિ તેજઃ

સામે દિશે મારો શામળો, જાણે રૂપરૂપનો અંબાર.
ઘેરો, નીલો રંગ શોભે, વરસે અમૃતધાર. ૧
કામ કોટિ લજવાઇ મરે એવું રસિયાનું છે રૂપ,
શેષા ગણેશ ને શારદા એની લીલા ગાય અનુપ. ૨
વાળ વાંકડિયા ઝૂલતા અને માળામાં મ્હેંકે મંદાર
મયૂર પિચ્છની મોહિની જેમાં ચમકે રત્ન અપાર. ૩
શ્વેત તિલક ભાલે શોભતું. જાણે ચાંદો ચડ્યો આકાશ,
નીચે ભ્રમર લહરી સમી, જાણે જમુના–નીર પ્રકાશ. ૪
નીલમ જેવા પોપચાં લાલ કમળશાં નેણ.
નયન આવા શામળાના નિરખો મને દિનરેણ. ૫
નાસિકા નમણી શુક સમી અને આભલા સમ છે ગાલ,
કુંડલના પ્રતિબિંબની એમાં શોભા વધારે વ્હાલ. ૬
હેત ધરીને હસે વહાલો દાંત મોતી શા જણાય,
હોઠ શું પંકજ–પાંખડી એવા હરિનાં દર્શન થાય. ૭

બાજુબંધનમાં રત્ન જડેલાં, વેઢ. વીંટીનો ચમકાર.
બંસી ઉપરની અંગુલિના નખની કાન્તિ અપાર. ૮
બંસીના સૂરથી બ્રહ્માંડ ગુંજે શ્રવણે મંગલ થાય,
સુરાવલીની મધુર લહરી નાદબ્રહ્મ થઈ જાય. ૯
પુષ્પની માળા ઉપર શોભે કૌસ્તુભ મણિની માળ,
એની નીચે શ્રીવત્સ શોભે ક્ષમા તણો અણસાર. ૧૦
અંગે લેપ સુગંધના જેની ફેલાયે ખૂબ સુવાસ,
સુવાસ એવી સુંઘતાં તૂટે ભવના પાશ. ૧૧
ત્રિભંગીમાં જાનૂ નમેલા પદે, નુપુરનો ઝણકાર,
નખની શોભા ચરણમાં એમાં વિજતણો ચમકાર. ૧૨
અનંત વિશ્વ ઉદૈર છતાં, કટિ પાતળી સિંહ સમાન
સાથળ ઢાંકયા પીતાંબરે કટિમેખલા કરતી ગાન. ૧૩
સાક્ષાત્ દર્શન શામળા થયાં પૂરણ સઘળાં કામ,
નિરખીને નિત અંબરે તને સમરું આઠે જામ. ૧૪

નારાયણ ભટ્ટે સંસ્કૃતમાં પ્રક્રિયા સર્વસ્વ નામનું વ્યાકરણ ભટ્ટોજી દીક્ષિતના સિદ્ધાન્ત કૌમુદીથી પણ સરળ શૈલીમાં રચ્યું છે, પણ ભટ્ટોજી દીક્ષિતની નારાયણ ભટ્ટને મળવાની ઈચ્છા અધૂરી જ રહી ગઈ. આ વ્યાકરણથી એમની કીર્તિ કેરલ બહાર પણ પ્રસરી. એમણે મીમાંસાશાસ્ત્ર પર માન–મેયોદય નામનો ગ્રંથ રચ્યો છે. નારાયણીયમ્ ભક્તિસ્તોત્ર કાવ્ય સંસ્કૃતમાં આવા પ્રકારનું સહુથી દીર્ઘ કાવ્ય છે. અલંકારિક ભાષામાં એ હૃદયના ઊંડાણમાંથી પ્રાસાદિક શૈલીમાં રચાયું છે. એમણે ‘ધાતુકાવ્ય’ નામના ગ્રંથમાં શ્રીકૃષ્ણની કથામાં સંસ્કૃતના તમામ ધાતુ વણી લીધા છે જેથી સરળતાથી તે યાદ રહે એમના ‘અપાણિનીય પ્રમાણ’ નામના સંસ્કૃત ગ્રંથમાં પાણિનીના વ્યાકરણમાં સમાવિષ્ટ ન હોય તેવા શબ્દોની



ચર્ચા કરી છે. એમણે ચંપુકાવ્યોની રચના કરી છે, જેમાં રામાયણચમ્પુ જાણીતું છે. સ્તોત્રોમાં એમણે શ્રીપાદસપ્તતિ તથા ગુરુવાયુર સ્તોત્ર રચેલ છે.

પરમાત્મા લંગડાને પર્વત ઓળંગાવે એ વાત આજના વૈજ્ઞાનિક યુગમાં ઘણાને શંકાસ્પદ જણાય છે. પક્ષાઘાત એ શરીર પર અસર કરતો મગજની રચના અને કાર્યનો જ એક રોગ છે. તીવ્ર આવેશ અને આવેગ—પછી તે ભક્તિનો હોય કે બીજા કોઈ પ્રકારનો હોય, પણ તેની અસર મગજ પર થતાં મગજની રચના ને કાર્ય પર પણ તેની અસર થાય છે જ. એટલે પક્ષાઘાતથી આવા અશક્ત બનેલા માનવીઓ તીવ્ર ભક્તિ અને ભક્તિના આવેશ તથા આવેગથી સાજા થાય એમાં અશકય કશું જ નથી. ઈસુ ખ્રીસ્તે આવી જ રીતે અનેક માનવીઓની પંગુતા દૂર કરી હતી. ફ્રાન્સમાં વર્ષોથી આવી અપંગ એક બાઈ હતી પણ એક દિવસ એના ઘર પાસેથી પસાર થતી શોભાયાત્રામાં બેન્ડવાજા એવાં સરસ વાગ્યા કે તે અચાનક જ ઊભી થઇને બારી પાસે ગઇ તથા તન્મય બની બેન્ડવાજા એવી તન્મયતાથી સાંભળવા લાગી કે એની પંગુતા ચાલી ગઈ. પરમાત્માની કૃપા પણ અદ્ભુત વૈજ્ઞાનિક સત્યોનું દર્શન અદ્ભુત રીતે કરાવે છે તેનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ તે નારાયણ ભટ્ટનું જીવન છે.

# શ્રી રંગ અવધૂતજી જીવન-પ્રસંગો

સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડિયા

## આત્મ વિશ્વાસ

વડોદરાથી એક વખત અમદાવાદ જવાનું થયું. યુવાનોની એક સભા અંગે ગાંધીજીને મળવાનું થયું. કુશળ વર્તમાન પૂછાયા બાદ ગાંધીજીએ પૂછ્યું, ક્યાંથી આવો છો ? "વડોદરાથી કોલેજના પ્રતિનિધિ તરીકે આવું છું." "શા આધારે આમ કહો છો ? કશો કાગળ આણ્યો છે ?"

"બાપુજી, આ પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થાય કે જ્યારે કોઇ ફરિયાદ કરતું આવે કે આ અમારો પ્રતિનિધિ નથી. જંગલમાં સિંહનો કોણ અભિષેક કરે છે ? એ તો સ્વાભિષિક્ત જ હોય છે."

આવા આત્મવિશ્વાસથી ભરેલા જવાબો સાંભળી ગાંધીજી પાંડુરંગ સામે જોઇ રહ્યા અને સહર્ષ બોલ્યા : "આવા આત્મવિશ્વાસથી ઉભરાતા એક સો જુવાનીયા મળે તો સ્વરાજ હાથવેંતમાં છે."

*

એક પ્રસંગે ગોધરા આણંદની ગાડીમાં પ્રવાસ કરતાં ગાંધીજીનો ભેટો થઇ ગયો, ગાંધીજીએ પૂછ્યું : 'ક્યાંથી આવો છો ?'

"ડાકોરથી."

ગાંધીજી તાજેતરમાં જ ડાકોર જઈ આવેલા, એટલે સહજભાવે કહેવા લાગ્યા : "ત્યાં ગંદકી બહુ જ, નહિ ?'

"બાપુજી, હું તો ડાકોરનાથનાં દર્શન કરવા ગયો હતો. એ સુરમ્ય મનોહર મૂર્તિનાં દર્શન કરતાં આંખ ધરાઇ



જ નહિ. એટલે બીજું કશું નજરે પડયું નથી."

આ જવાબથી ગાંધીજીના મન પર જાણે નવો જ પ્રકાશ પડ્યો હોય તેમ બોલ્યા : "વાત વિચારવા જેવી છે. ધ્યાન એક વિષય પર જ કેન્દ્રિત થાય તો તે વાત તરત સિદ્ધ થાય."

*

ગુજરાત વિદ્યાપીઠ સાથે સૌથી પહેલી જોડાએલ રાષ્ટ્રીય વિનય મંદિરની શાળામાં એ કામ કરતા હતા તે સમયે એક પ્રસંગ બન્યો.

દર ગુરુવારે તેઓ એક વિદ્યાર્થીને દોઢ પાશેર પેંડા લાવવા એક રૂપિયો આપે. તે વિદ્યાર્થી એક જ દુકાનેથી એક જ જાતના પેંડા દર વખતે લાવે પણ કોઇ વખત પાંચ લાવે તો કોઇ વખત સાડાચાર. અવધૂતજી તે વિદ્યાર્થીને આ અંગે કહે નહિ, એટલું જ નહિ· પૈસા કેટલા પાછા લાવ્યો તેય ગણે નહિ.

મહીનાઓ વહી ગયા પછી તે વિદ્યાર્થી એક દિવસ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. રડવા માટેનું કારણ પૂછતાં તેણે પેંડા ખાઇ જવાની અને પૈસા ઓછા આપ્યાની ભૂલ કબૂલ કરી માફી માગી.

પોતે તે વખતે એટલું જ બોલ્યા : સાચા અંતઃકરણથી થએલ પશ્ચાતાપના અગ્નિમાં પાપનો પુંજ ગમે તેટલો મોટો બળીને ક્ષણવારમાં જ ભસ્મ થઇ જાય છે.

બીજી વ્યક્તિને સોંપેલા કાર્યમાં કેટલો વિશ્વાસ ? કેવી ક્ષમા વૃત્તિ ?

*

અમદાવાદમાં એકવાર તેઓ શહેરના ધોરી રસ્તા ઉપરથી પસાર થઇ રહ્યા હતા. લાંબાવાળ અને માથે ટોપી જોઇ કેટલાંક ટીખળી અને અવળચંડા બાળકોએ "નાટકની

બાયડી " " નાટકની બાયડી " એમ બોલીને તેમને ખીજ-વવાના હેતુથી પાછળ પાછળ જવા માંડયું. પરંતુ શ્રી પાંડુ-રંગે પોતે પણ તેમની સાથે જોડાઈ " નાટકની બાયડી " " નાટકની બાયડી " એમ કૂદતાં હસતાં બોલવા માંડયું. રસ્તે જનાર એક સદ્‌ગૃહસ્થે આ જોયું. અને છોકરાને તેણે વિખેરી નાંખ્યાં. આમ એમના અંતરનો આનંદ કોઈ પણ વિષમ પરિસ્થિતિમાં જતો નહિ.

*

પ્રતિકૂળતામાંએ અનુકૂળતાનું દર્શન કરવાનો મૂળથી જ સ્વભાવ. એટલે નારેશ્વરમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિ ઊભી થાય તો પણ તેમનો માનસિક આનંદ તેવો ને તેવો જ અખંડ રહેતો. કોઈ દિવસ ખાવાનું ન હોય તો ફાફડા થુવેરનાં બે પાંચ જીંડવાં ચૂસી દિવસ કાઢી નાખે, તો કોઈક વાર દેશી થુવેરનાં પાંદડાની ભાજી કે જંગલની ઈતર ભાજી-થી ચલાવી લે.

રોજ સવારે બે વાગે ઉઠી આગલે દિવસે નર્મદામાંથી ભરી આણેલી મટકીમાં રહેલા પાણીથી બારેમાસ સ્નાન કરી તરત જ ધ્યાનમાં બેસતા. સવારે અજવાળું થાય ત્યારે ફરી મટકી લઈ, ચૂલે તપેલીમાં કંઈક ખીચડી કે એવું મૂકી સ્નાન કરવા જાય અને પાણીમાં ઊભા રહી જપ કરે. આવે કે તરત મનોમન પૂછે : કયો રે પકવાન હો ગયા ? જવાબ પણ પોતે જ આપે. હાં હો ગયા ! અને ખાઈ લે.

એક વખત અવધૂતજી ઓટલા પર સૂતા હતા. અમૃત-લાલ મોદીજી એમની ખબર કાઢવા આવ્યા હતા. અચાનક એક વીંછી સામેથી આવી તેમના શરીર પર ચઢવા લાગ્યો. મોદીજીએ કહ્યું કે મહારાજ વીંછી ! અવધૂતજીએ કહ્યું : મેં એનું શું બગાડયું છે ? મને કંઈ કરડે નહિ. તોય મોદીજી-



એ સાણસી લાવી પકડીને વાડમાં ફેંકી દીધો.

થોડીવારમાં બીજો વીંછી આવ્યો. એજ રસ્તે અવધૂતજી પાસે જતો હતો. એને પણ વાડમાં નાખી દેવામાં આવ્યો. ત્યાંતો ત્રીજો, જાણે વીંછીનો સરદાર હોય તેવો મોટો સડ-સડાટ જાણે ગુસ્સામાં હોય તેમ આવતો જોવામાં આવ્યો. મોટામાં મોટો વીંછી હતો. દાબ્યો દબાય નહિ.

અવધૂતજીએ પોતે લાકડીથી દબાવ્યો અને મોદીજીએ પકડ્યો ત્યારે તો પકડાયો ! પૂ. શ્રીએ વિનોદ કર્યો : કેમ મોદીજી ! આજે વીંછીનું ધ્યાન કરો છો કે શું ? ઉપરા ઉપરી વીંછીના જ દર્શન થઈ રહ્યાં છે ! ભગવાન તમને એ બતાવે છે કે અવધૂત કયાં અને કેવી જગાએ પડ્યો છે ! પણ મારું રક્ષણ તો ભગવાન કર્યા જ કરે છે.

(સ્વ અમૃતલાલ નાથાલાલ મોદી જેઓએ પાછળથી અવધૂત નિવાસ ટ્રસ્ટના મંત્રી અને વ્યવસ્થાપક તરીકે સંગીન કામ કર્યું) તેઓ અવધૂતજીની ખબર લેવા આવતા.

સંસારમાં સુંદર દેખાતા ને કહેવાતાં બધાં જ શરીરો વ્યાધિ, વૃદ્ધાવસ્થા, ગંદકી ને મરણ ને શરણ થનારાં છે તેમાં કોઈયે શાશ્વત નથી. પછી તેમની સુંદરતા કયાંથી શાશ્વત હોય શકે ? માનવ શરીરમાં પ્રકટ થનારું યૌવન ને તેનું સૌંદર્ય તો આકાશમાં ક્ષણભર ચમકીને અદૃશ્ય થઈ જનારી ચપલાની પેઠે ચંચળ છે. તેનો મોહ ને ગર્વ અસ્થાને છે. તેની પ્રીતિ પણ મિથ્યા છે.

યોગેશ્વરજી

# પ. પૂ. માના શ્રીમુખે સાંભળેલા પ્રેરક પ્રસંગો

રજૂઆતઃ-ઝિંઝુવાડિયા કનૈયાલાલ

તા. ૨૯-૮-૮૭ શનિવારે પ. પૂ. માના પાવન દર્શનનો લાભ મળ્યો. બપોરે બરાબર ત્રણ વાગે સત્યપથ પહોંચ્યો. છ-સાત બહેનો તથા ચાર-પાંચ ભાઈઓની હાજરી હતી જેમાં મોરબીના શ્રી હરિભાઇ ભોજાણી પણ હતા. હું પણ પ્રભુની પ્રતિમાને વંદન કરી એક બાજુ ગોઠવાઈ ગયો. ત્યાર બાદ પાંચેક મિનિટે પ. પૂ. શ્રી માએ પ્રવેશ કર્યો.

માએ પૂ શ્રીની પાતંજલ યોગદર્શનની ટેપ મૂકી. અર્ધી ટેપ વાગ્યા પછી ટેપ રેકોર્ડીંગ બંધ કરવામાં આવી. માએ એક-બે ભજન પણ સંભળાવ્યાં.

ત્યાર બાદ પ્રાસંગિક વાતો થઈ. તેમાં જાણવા મળ્યું કે મા શુક્રવારે અંબાજી ગએલ. મેં માને જણાવ્યું, "મા, હું ગઇકાલે શુક્રવારે આપનાં દર્શને આવવાનો હતો તરત માએ સામો પ્રશ્ન કર્યો 'ગઇકાલે તમે ક્યાં હતા?' પ્રત્યુત્તરમાં મેં માને જણાવ્યું, હું ગઇકાલે જૂનાગઢ હતો.

વાત એમ હતી કે પ્રથમ મેં એવો નિર્ણય કરેલ કે શુક્રવારે અમદાવાદ જવું અને ત્યાંથી કામ પતાવી બપોરે માનાં દર્શન-સત્સંગનો લાભ લેવો; અને રાત્રે સુપરફાસ્ટ દ્વારા જૂનાગઢ જવું. પરંતુ એકા-એક આશરે ગુરુવારે સાડા ત્રણના સુમારે પ્રથમ અમદાવાદ ન જતાં જૂનાગઢ જવાનો અને શનિવારે અમદાવાદ જવાનો વિચાર સ્ફૂર્યો. બંન્ને સ્થળે હું મારી નોકરીના કામે જ જનાર હતો.



પરંતુ પ્રભુને ચિંતા થઈ હશે કે આ છોકરો શુક્રવારે માના દર્શનની સાથે સત્યપથ જશે, પરંતુ મા તો અંબાજી જનાર છે અને માનાં દર્શન નહિ થાય તો નિરાશ થશે. તેથી જ મારો વિચાર અચાનક ફર્યો હશે. કદાચ એવું પણ હોય કે ગુરુવારે માએ ત્રણ-સાડા ત્રણેજ અંબાજી જવાનો નિર્ણય કર્યો હોય અને ત્યાર બાદ મારા વિચારમાં પરિ-વર્તન આવ્યું હોય. ખરેખર જો હું શુક્રવારે અમદાવાદ ગયો હોત તો નિરાશ જ થવું પડત. માના દર્શન-સત્સંગથી વંચિત જ રહી જાત. જવાનો ઉદ્દેશ્ય ન સરત.

પૂ. માના આસન ઉપર રેશમી કાપડમાંથી બનાવેલ એક નાનું સરખું આસનિયું-અલબત્ત નાની સરખી ગોદડી જેવું રાખેલ. તેના ઉપર પ્રથમથી જ મારું ધ્યાન ખેંચાયેલ. માની વાતમાંથી સહજરીતે જ મારી જીજ્ઞાસા સંતોષાઈ. મા એ કહ્યું કે 'અમે અંબાજી જઈએ એટલે ખેડબ્રહ્મા અવશ્ય ઉતરીએ. જીવીબેન નામે એક ભાવિક બહેન ત્યાં રહે છે. પાણીની પરબ ઉપર નોકરી કરે છે. તેમણે આ આસન અમને ભેટ આપેલ છે. સામાન્ય રીતે મા કોઈની ભેટ સ્વીકારતાં નથી, તે યોગેશ્વર પરિવારના સહુ ભાઇઓ જાણે જ છે.

આ બહેન વિષે આગળ વાત કરતાં માએ જણાવેલ કે તેમનાં લગ્ન ફક્ત આઠનવ વર્ષની બાળવયે થયેલાં. અને અગિયારમે વર્ષે વૈધવ્ય પ્રાપ્ત થયું. કેવી કરુણા? કૌમાર્ય અવસ્થામાંજ વૈધવ્ય! આચાર વિચારમાં આ જીવી બહેન એટલા બધાં ચુસ્ત છે કે પોતાના હાથે જ રસોઈ કરીને જમવાનું. જ્ઞાતિએ તેઓ પ્રજાપતિ હોવા છતાં બ્રાહ્મણના હાથે રેશમી વસ્ત્રો પહેર્યા સિવાય બનાવેલ રસોઈ પણ નહિ જમવાની. જીવનમાં દૃઢ સંકલ્પ કરી લીધો કે પવિત્રતાથી બનાવેલી કે પોતે કરેલી રસોઈ જમવાની.

આ બહેનને ફક્ત બહુ થોડો પગાર મળે છે. મંદિરના પૂજારી તરફથી દીવાની વાટો કરી દેવા બદલ પ્રસાદ રૂપે ટોપરું, શીંગદાણા, સાકરિયા દાળિયા વગેરે મળે, તે સહુને વહેંચ્યાં કરે ને ભગવદ્ સ્મરણ કરે.

કોઈ સાધન-સંપન્ન વ્યકિત પાંચ-તારક ( Five-Star ) જેવી વૈભવશાળી હોટલમાં ઉતરી એક-દિવસનું રહેવાનું બીલ ૧૦૦-૧૫૦ રૂ. તથા ચા, નાસ્તો, જમવાનુ બીલ ૪૦-૫૦ રૂ. ખર્ચી નાખે જ્યારે આ બહેન બહુજ જૂજ રકમમાં પોતાનો આખા મહિનાનો ખર્ચ નિભાવે છે. છતાં કેટલું પવિત્ર જીવન ! કેવો ભકિત ભાવ ! કેવો દૃઢ સંકલ્પ !

પોતાના નાના સરખા મકાનમાં પણ મા તથા પ. પૂ. યોગેશ્વરજીનો ફોટો રાખી શ્રદ્ધા પૂર્વક સાધન ભજન કરે છે. શબરી જેવી રીતે શ્રી રામ માટે બોર ચકાસી-ચકાસીને તૈયાર રાખતી, તેમ જ આ બહેને મા માટે આ આસન બનાવીને તૈયાર જ રાખ્યુ હશે ને ? મા કયારે આવી ચડે તેની શી ખાત્રી ? પરંતુ મા કોઈ પણ સમયે આવી ચડે ત્યારે આસન ભેટ આપવાની કેવી ઉત્કટ ભાવના ? અને ત્યારે તો મા આ જીવીબહેનને સામે ચડીને એમ કહે ચાલો, મારે તમારા ઘરે આવવું છે અને આ બહેન મીઠી મુંઝવણ અનુભવે. એકદમ એકદમ નાના શાં મકાનમાં કંતાન પાથરી દે. તેની ઉપર પોતાનાં એક-બે સાડલાં પાથરે અને તેની ઉપર માનાં પૂનિત પગલાં પડાવે.

મુંબઈથી આવેલ કોઇ માજી સાથે વાર્તાલાપમાં પ્રથમ બેઠક સાડા-ચાર ને બદલે છ સુધી ચાલી. માને આગલા દિવસની મુસાફરીનો શ્રમ તો હતો જ. પરંતુ મા તો કહે, " તમોને જેવો થોડો શ્રમ જણાય તેવો જ મને પણ સામાન્ય જણાય. એવો શ્રમ નથી જણાતો કે સૂઇ જ જવાની



ઇચ્છા થાય કે બેસવાનું મન જ ન થાય. બેઠકનું વિસર્જન થયું. મા થોડો સમય આરામ કરવા ગયાં. હું તથા ભોજાણીભાઈ ત્રીજે માળે જે બહેન રહે છે ત્યાં જલપાન માટે ગયા. દરમ્યાનમાં માલતીબેને બંને કમરાની સફાઈ કરી લીધી. ફરીથી અમે સત્સંગ ખંડમાં જઇને બેઠા, એટલે માલતીબેને મને, ભોજાણીભાઈ તેમજ તેમનાં પત્નિને આઇસ્ક્રિમ ખાવાનો આગ્રહ કર્યો. અમોએ કહ્યું " આવી તકલીફ શા માટે ? તો બહેને કહ્યું કે ' માનો આદેશ છે. મેં રમૂજમાં કહ્યું, " મહાત્માજીને આઇસ્ક્રિમ બહુ પ્રિય એટલે આપણને આઇસ્ક્રિમ મળે જ ને ? ભોજાણીભાઈ કહે ' પૂ. શ્રીને આવો રંગ વગરનો જ આઈસ્ક્રિમ પ્રિય હતો. "

સાંજની સત્સંગની બેઠક બરાબર સાડા છ વાગે શરૂ થઈ. ઘણાં ભાઇ-બહેનોની હાજરી હતી. સાંજે શાંતિભાઇ કનેરિયા પણ આવેલ. બાબુભાઈ પણ માને પ્રથમથી જાણ કર્યા મુજબ થોડાં મોડા પણ આવી પહોંચેલ. માએ આવતાની સાથે જ " પાતંજલયોગ " ઉપરની પૂ. શ્રી ની ટેપ વગાડવી શરૂ કરી. બધાં ભકતો શાંતિ પૂર્વક એક ચિત્તે સાંભળવામાં તલ્લીન બન્યાં. અર્ધોક કલાક ટેપ રેકોર્ડિંગ થયા પછી માએ ટેપ બંધ કરી, અને એક સુંદર ભજન, સરસ મજાના ઢાળમાં ગાઇ સંભળાવ્યું. જે ભજનનો ભાવ એવા પ્રકારનો હતો કે પ્રભુએ કયારે કોના નસીબમાં શું નિર્માણ કર્યું છે તે કોઇને ખબર પડતી નથી. ભજનના શરૂના શબ્દો હતાઃ-

હરિ ભાગ્ય ઉઘાડે, કયારે કોનું રે,
કહી ના શકાય, વાત બધી એ.

આ સુંદર ભજનની ભાવનાને અનુરૂપ તાજો પ્રસંગ કહી સંભળાવ્યો.

શુક્રવારે પૂ. માએ અંબાજી જવાનો સમય છ-સાડા છ

વાગ્યાનો રાખેલ. પરંતુ જતાં જતાં ૮-૩૦ જેવો સમય થઇ ગયેલ. મેટાડોરમાં મા સાથે જનાર કોઈ ભક્ત આવેલ નહિ. તે દરમ્યાન જયાબહેન માનાં દર્શને આવ્યાં. એટલે મા કહે 'અમો અંબાજી જઈએ છીએ, ચાલો, તમારે આવવું છે? એક જગ્યા ખાલી છે. તે બહેન તો તરત જ સંમત થઈ ગયાં. મા કહે, "પણ તમારા ઘરે કેમ ખબર પડશે?" તે બહેન કહે 'હું નહિ જાઉં એટલે સમજી લેશે કે માની સાથે કયાંક ગયાં હશે.' કેવી વાત?

જયાબહેન પાછાં ઘરે ન જાય તો કેમ નથી આવ્યાં તે જાણવા માટેનું માધ્યમ મા, તેમના ઘરનાંને તે જાણવાનું કે મા Head Quarter માં છે કે નહિ? Head Master= પૂ. શ્રી યોગેશ્વરજી અને તેમનો આવાસ એટલે કે 'સત્યપથ'. તેઓને તે જાણવા મળે કે માની ઉપસ્થિતિ "સત્યપથ" માં નથી, એટલે સમજી લે કે મા જો 'સત્યપથ' માં ન હોય તો જયાબહેન પાછાં ઘરે જાય જ કયાંથી? માની સાથે જ ગયાં હોય. બોલો, કેટલો અટલ વિશ્વાસ?"

અંબાજી જવાનું નક્કી કોઇ અન્ય ભક્તનું હતું, પરંતુ તેઓ આવ્યા નહિ. તે દરમ્યાન જયાબહેન પહોંચી ગયાં અને મા સાથે પ્રવાસનો અનાયાસે લાભ મળી ગયો? ભક્ત નરસિંહે ગાયું છે કે, 'જેના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ મળતું.'

આના જ અનુસંધાનમાં માએ એક પ્રસંગની વાત કરી. અમો પૂ. શ્રી ગુરુજી સાથે હિમાલય બદ્રિનાથ અને કેદારનાથ ગએલ. જીતુભાઇની ફિયાટ ગાડી હતી. આખા રસ્તે બધાં આશ્ચર્ય ચકિત થઈ જોઇ રહેતાં. આવા વિકટ રસ્તે ફિયાટ જેવી નાજુક ગાડી કોઈએ કદી જતી જોઇ ન હતી. આ વાત તેઓને કલ્પના બહારની હતી.



રસ્તામાં જ્યારે ચાલવાનો પ્રસંગ પડ્યો ત્યારે પૂ શ્રીએ તેઓનાં સહ યાત્રીઓને જણાવ્યું 'આપણી સાથે એક સો સિદ્ધો ચાલી રહ્યા છે. જેમાં સાંઇબાબા પણ છે. પરંતુ તમે આ કેવી રીતે જાણી શકો?

તે તમારી જાણમાં આવે તેવી વાત નથી પરંતુ (તેમની પોતાની છાતી ઉપર હાથ મૂકીને) આ સિદ્ધ પુરુષને તો તમે જોઇ શકો, જાણી શકો.' તેમની સાથેના યાત્રી તેમની સામે આશ્ચર્યથી જોઈ જ રહ્યા.

પૂ. માએ જણાવેલ કે છેલ્લે-છેલ્લે પૂ. ગુરુદેવ આવા સંકેતો ખૂબ જ સ્પષ્ટતાથી કરતા.

સંતોના જીવનની આવી-આવી વાતો કાંતો તમો તેમની સાથે યાત્રામાં ગયા હો તો જાણવા મળે અથવા જેઓએ તેમની સાથે યાત્રાઓ કરી હોય તેઓની સાથે સત્સંગ કરવાથી જાણવા મળે

પૂ. શ્રી પણ ઘણી વખત પ્રવચનમાં કહેતા કે દરેક વાતો કાંઈ "પ્રકાશના પંથે" માં ન હોય, આના માટે સત્સંગ આવશ્યક છે. સત્સંગમાં થતી વાતો દ્વારા, ચર્ચા દ્વારા સંત મહાત્માઓનાં આવાં રહસ્યો પ્રકાશમાં આવે છે.

ત્યાર બાદ માએ શ્રી યોગેશ્વર લીલામૃતનો બીજો અધ્યાય ગાયો-ગવડાવ્યો.

બરાબર આઠ વાગે સત્સંગની બેઠક પૂરી થઇ. નડિયાદ સંતરામજીનાં મંદિરેથી આવેલ પ્રસાદ સહુને આપવામાં આવ્યો.

મારે બસ પકડવાની હોવાથી ચાલતો થયો. થોડે જઈ વિચાર આવ્યો, "પૂ. માને કાંઇ જાની સાહેબને સંદેશો તો નહિ આપવાનો હોય?" તરત પાછો ફર્યો. માની રજા માંગી પૂછ્યું 'જાની સાહેબને કાંઈ સંદેશો કહેવાનો છે?

મા કહે 'ના.' 'હું હમણાં જ ફોન કરવાની છું.'

પછી માલતીબહેન પાસે ત્રણ પુસ્તિકા મંગાવી ગુલાબનાં ફૂલ મૂકી મને આપી. તેની ઉપર પ્રસાદમાં આવેલ ૫૦૦ ગ્રામ રેવડીનું-પેક પ્લાસ્ટીક પેકેટ ઉપર મૂકયું. મારાથી સહજ પૂછાઈ ગયું, 'મા, આ કોને આપવાનું છે?' મા કહે, "કોઈને નહિ. તમો રોજ થોડી થોડી પ્રસાદ લેજો."

મારો વિચારતો સાડા-ચાર સુધી જ રોકાવાનો હતો. પણ મા પાસેથી ખસવાની ઇચ્છા થાય તો ને? જેટલું અમૃતપાન કરાય તેટલું કરી જ લેવાય ને? કોને ખબર પછી કયારે પ્રસંગ ઉપસ્થિત થાય અત્યારે જ જે મેળવી લઇએ તે આપણું. પછીની કોને ખઅર છે? જીવનનો એક દિવસ તો સફળ થયો.

બીજ કેટલું નાનું ને સાધારણ હોય છે! પણ તેમાંથી જ આગળ જતાં અચરજમાં નાખી દે એવા વિશાળ વૃક્ષનું નિર્માણ થાય છે. અગ્નિનો એકાદ અંગારો કેટલો સૂક્ષ્મ ને સાધારણ હોય છે! પણ તેમાંથી જ જવલંત જવાળાની સૃષ્ટિ થાય છે ને કેટલીક વાર મોટા મોટા દાવાનળનો દેહ બંધાય છે. એમ સત્સંગતિ શરૂઆતમાં છેક થોડી ને સાધારણ હોય તો પણ જીવનનું ઘડતર કરવામાં આગળ પર અતિશય અસરકારક નીવડે છે.



## આસક્તિ

આ તે કેવીક જગ-આસક્તિ !
મનવા ! થાય નહીં પ્રભુભક્તિ.
આતમઝંખે દેશ હરિનો,
ઇન્દ્રિયગ્રામ વિલાસે,
ઉર્ધ્વ-નિમ્ન-ગજગ્રાહે, મનવા !
પ્રાણ-પપિહા ત્રાસે,
સંતગુરુ હરિ અનુગ્રહ-યોગે
લાધે જીવનમુક્તિ
મનવા !...થાય નહીં પ્રભુભક્તિ.
કર્મસકલ કરવાં મન મારી
ધારી ધૃતિ ધરમમાં,
નિર્મમભાવે નિર્ગ્રંથી થૈ
પલક ન રે' તું ભ્રમમાં;
વૈરાગે આસક્તિ ધરતાં
જામે પરમા જુક્તિ
મનવા ! થાય નહીં પ્રભુભક્તિ.

ડા. રણજિત પટેલ (અનામી)

# જીવનમાં તપનું મહત્વ

ભરતભાઈ વિઠ્ઠલભાઈ ભક્ત

પ્રત્યેક કુળને પોતાનો આગવો-નિરાલો શબ્દ હોય છે. "વચન" શબ્દની સાથે જ આપણને રઘુકુલની યાદ તાજી થઈ જાય. "કર્તવ્યપાલન" શબ્દની સાથે આપણને પાંડવો યાદ આવી જાય. "સત્ય" શબ્દ હરિશ્ચન્દ્ર અને ગાંધીજી સાથે વણાઇ ગયો હતો. "પ્રેમ" ઈસુખ્રિસ્તની સ્મૃતિ તાજી કરાવી જાય. "તપ" શબ્દ આપણને ઋષિમુનિઓના કુળની સ્મૃતિ તાજી કરાવી જાય છે. એ કુળનો એ અમૂલ્ય શબ્દ છે. એટલું જ નહિ, એ કુળનું એ સાધ્ય છે. આરાધના કે સાધના એ ઋષિકુળની પરંપરા છે.

ઉપાસના-આરાધના કે સાધના જે કહો તે-પણ એ તપનું જ સ્વરૂપ છે. જેનાથી તેજ પ્રગટે તે તપ જેનાથી વિકારો બળી જાય અને જીવનશુદ્ધિ થાય તે તપ. લાધેલી જીવનદષ્ટિને આચરણમાં મૂકવાનું પ્રથમ સોપાન એટલે જ તપ. સંસારમાં જલકમલવત્ જીવતા શીખવે તે તપ. જીવનની સઘળી પરિસ્થિતિમાં સ્થિર ભાવ કેળવે તે તપ. જે શ્રમને સાર્થક કરે તે જ તપ. જ્યોતની માફક જીવે તે જ સાચો તપસ્વી. "તપ"ને વ્યાખ્યાની મર્યાદામાં બાંધી જ ન શકાય.

તપ કરવા માટે તેજસ્વિતા હોવી આવશ્યક છે. અલગ અલગ વાડાઓ કે વર્તુળોમાં કેદ થયેલા લોકો વેઠ કરી શકશે પણ શ્રમ કરીને તપની સુવાસ ફેલાવી શકે એ વાતમાં જરા પણ માલ નથી. જીવવા માટે કર્મ કરવું પડે-જોઇએ-પણ તપસ્વી સિવાય ક્રાંતિની જ્યોત ફેલાવવાનું કામ બીજો કોઇ કરી શકે ખરો કે? મજબૂત આત્મબળ એ તપસ્વીની



પહેલી યોગ્યતા છે. શરીરબળની કોઇ જરૂર નથી. આપણા સંતોમાંથી કોની પાસે મજબૂત શરીરબળ હતું ? તેઓ તો તેમના આત્મબળે જ તપસ્વી બની શક્યા. આત્માના ઉજાસ આગળ શરીરની કાંતિ ઝાંખી પડી જાય છે. જેના દિલમાં જ દીપક પ્રગટી ચૂક્યો હોય તેને આ કાયાની કશી જ માયા હોતી નથી.

બુદ્ધિનો સદુપયોગ, અંતરનું ઔદાર્ય અને પુરુષાર્થનો ત્રિવેણીસંગમ જ તપનું ઉદ્ગમસ્થાન છે. ભોગની ભૂમિમાં પાપ ઊગે છે, ત્યાગની ભૂમિમાં પડેલ તપનું બી અવશ્ય મહોરે જ છે, શ્રદ્ધાના નીર વડે એ તપઅંકુરનું સિંચન થાય છે. આળસિયાનું જીવન જીવવાને ટેવાયેલા માણસને કીડીનું કર્મઠ જીવન જીવવાનું અઘરું લાગે છે. 'સ્વ' માંથી નીકળી 'સર્વ' સુધી પહોંચનાર તપસ્વી બની શકે. વર્તુળના કેન્દ્રને જ સૃષ્ટિ માનવાની દષ્ટિ કેળવનાર જો પરિઘને ઓળંગીને જીવતાં શીખે તો એની આગળ "તપસ્વી" સિવાય બીજુ કોઇ વિશેષણ શોભતું નથી.

મન સાથેના નિર્ધાર વગર તપનો જન્મ થતો નથી. દૃઢ સંકલ્પ વગર એનું પોષણ થતું નથી. તન અને મનની એકાગ્રતા તપ માટે અનિવાર્ય ભૂમિકા છે. આચાર એની ધરી છે, વિચાર વારિરૂપ છે. સત્ય એનું સાધન છે. સ્નેહ એની ક્ષિતિજ છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સાપણ-વીંછણ જેવા જીવો પોતાના જ બચ્ચાંને ખાઈ જાય છે. એમ થવાનું સરળ છે પણ સૂર્યની માફક સતત ગતિશીલ બનીને તપ કરવાનું કઠીન છે-અશક્ય તો નથી જ. આવા તપ કરનારા ઓછા છે. બિલકુલ ન હોવા છતાં ઓછાય છે અને તેથી જ તો હજી ઘોર અને હલાહલ કલિયુગનો પગપેસારો નથી થયો.

પરિશ્રમની પૂજામાં તપ છે, આદર્શોની આરાધનામાં તપ છે, શોધની સાધનામાં તપ છે, જ્ઞાનવિજ્ઞાનમાં તપ છે, સત્ય અને શ્રમના સમિધ વડે, ધ્યેયની ઘૃતધારા વડે જીવનયજ્ઞમાં આહૂતિ આપનાર જ તપસ્વી છે, વૃક્ષ તપ કરે છે, સુર્ય, ચંદ્ર, વગેરે પણ તપસ્વી છે. ધરતીમૈયા-એને ચીરનારને પણ પ્રેમથી પોષે છે—એના જેવું તપસ્વી બીજું કોણ બની શકે ? અંતરની આરતથી તપ કરનારની પ્રભુ પત રાખે છે.

મનની ક્ષિતિજને વિસ્તારી શકે તે તપસ્વી થઈ શકે. આપણે મનની ક્ષિતિજને જેટલી વિસ્તારતા જઇશું તેટલે અંશે આપણે વિશ્વને આપણામાં સમાવી શકીશું. પોતાના-પણું ખોયા વિના જે માનવી અંધકાર સામે સામનો કરે તે જ જ્ઞાનની નવી દિશા શોધી શકે. ‘સ્વ’ ને અનેકોમાં વહેંચવા માટેનું અને અનેકોને એક જગ્યાએ એકત્ર કરવા માટેનું માધ્યમ તે ધ્યાન-તપ છે. તપ એટલે જ જીવનયોગ. શકિત-વગર તપ સંભવિત નથી. જીવનની ગતિ માટે ધ્યાનની સ્થિરતા મહત્ત્વની છે. જગતને ઓળખવા જતાં પહેલાં જાતને ઓળખવી જરૂરી છે. તપ એ જાતને ઓળખવા માટેનો દિવ્ય અરીસો છે. ચર્મચક્ષુની સહજતાથી આપણે દિવ્યચક્ષુ ઊઘાડીએ તો બીજું કરવાનું કશુંજ બાકી રહેતું નથી.

જયાં સુધી અહમ્‌નું આવરણ દૂર થયું નથી, અપવિત્રતાનો અંધકાર ઓસર્યો નથી ત્યાં સુધી કોઇ પણ તપનું મૂલ્ય વિશેષ જણાતું નથી. ઉદ્દેશ વિનાનું જીવનાર માણસ કશું અસાધારણ કરી શકતો નથી. સામાન્યમાંથી અસામાન્ય તરફ ગતિ કરવા માટે તપ આવશ્યક છે.

તપ કરવા માટે સાધુસંન્યાસી બનીને વનમાં જવાની જરૂર નથી. ધૂણી ધખાવીને-શરીરે ભસ્મ લગાડીને-આંખો બંધ રાખીને જ તપ કરી શકાય એ વાતમાં તથ્ય નથી.



સામેની વ્યક્તિના દુર્ગુણો-બદચાલને પણ અમુક અંશે સહન કરવી એનું નામ પણ તપ છે. કાદવ ઉછાળનારની સામે સુવાસ છંટકાવ કરવો એ પણ તપ છે. બાહ્યશુદ્ધિ કરતાં આંતરશુદ્ધિ એ તપનું આવશ્યક અંગ છે, મન વાણી અને કર્મથી કોઇને જરા પણ દુઃખ ન થાય તેવું વર્તન કરે તે પણ તપસ્વી. ડગલે ને પગલે લાખો હૈયોને દુભાવનારા આપણે આટલુંય કરીએ તોય ઘણું ?

તપ એટલે મનને રોકવું તે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વમાં મનને રોકવું-કેન્દ્રિત કરવું એ જ તપ. બીજાને સુખી કરવા જરૂર પડે તો પોતે દુઃખ ભોગવી લેવું એ જ તપ. પ્રભુને અર્થે સ્વાર્થનો ભોગ આપવો એટલે તપ. આત્મા અને પરમાત્માના ઐકય માટે જગત તથા ઈશ્વર તરફની ફરજો બજાવવામાં મનને દૃઢ કરવું એનું નામ તપ. જેણે મનને જીત્યું તે મુનિ. મન જીતવું સરળ નથી, અશકય તો નથી જ. ભૌતિક પ્રદેશો જીતીને વિશ્વવિજેતાનું બિરુદ પામનાર મનને જીતી જ શકે એ વાતમાં મજા નથી. સુધારાની શરૂઆત જાતથી જ કરવી જોઈએ સામાની આંખમાંનું તણખલું જોવાને ટેવાયેલા આપણે સૌ આપણી આંખોમાંનું કાજલ જોતા શીખીએ તો રંગ રહી જાય. એમ કરવાનું શકય તો તપના બળે જ બની શકે.

આપણે ય જીવનમાં તપ કેળવીએ અને તપમાં જીવન વ્યતિત કરીએ.

# જાગરૂકતા

ભાઇલાલભાઈ છાટબાર

(સંવાદમય જીવન-Harmonious life-ની પગદંડી)

એક માર્મિક બોધકથા છે :

"એક માલેતુજાર જાદુગર હતો. તેની પાસે ટોળાબંધ ઘેટાં હતાં. પરંતુ તે હતો બહુ પાકો. ઘેટાંને ચરાવવાવાળા તે રાખતો નહિ કે મફતિયા ગોચર જમીનમાં તે કયાંય વાડો પણ ન હતો ઊભો કરતો. કયારેક ઘેટાં ઝાડીમાં આડાં-અવળાં થઈ જતાં તો કયારેક ખાડાખડિયામાં અટવાઇ પડતાં. કેટલાંક વળી ગુમ થઇ જતાં. કોઇ–ને–કોઇ દિવસ જાદુગર તેમને મારીને ખાઇ જશે એમ તેમને જાણ હતી.

જાદુગરે છેવટે એક કીમિયો શોધી કાઢ્યો. તેણે ઘેટાં પર સંમોહનજાળ પાથરી. તેણે મીઠા મીઠા શબ્દ બોલી તેમને સંમોહિત અને મૂર્છિત કરી દીધા.

જાદુગરે ઘેટાંઓને કહ્યું કે-તમે બધા અમર છો. તમે મરી જાઓ તેમાં કાંઇ નુકસાન નથી, ઊલટાનું તેમાં તમારું ભલું છે અને તેથી તમારે તો રાજી થવા જેવું છે. તમારા ઉપર મને ખૂબ હેત છે અને હું તમારે માટે બનતું બધું કરી છૂટું એવો છું. તમને કાંઇ થાય તે આજે ને આજે, અત્યારે ને અબઘડીયે તો કાંઇ થવાનું નથી; તેથી કાંઇ ચિન્તા કરવા જેવું નથી.

તેણે કેટલાંકને મધઝરતા શબ્દોમાં કહ્યું કે તમે સિંહ છો, કેટલાકને કહ્યું કે તમે પંખીરાજ ગરુડ છો, કેટલાંકને કહ્યું કે તમે મનુષ્ય છો અને કેટલાંકને કહ્યું કે તમે જાદુગર છો.

જાદુગરની મોહક માયાજાળમાં ઘેટાં મીઠાં ઘેનમાં પડી ગયાં.



ત્યારપછી જાદુગરની બધી ચિંતા ટળી ગઇ. હવે ઘેટાં કદી નાસી જતાં નહિ.

દરેક ઘેટું હવે શાંતિથી રાહ જોતું કે જાદુગર તેનો વારો કયા દિવસે કાઢે છે."

× × ×

મનુષ્યની સંમોહિત નિદ્રાભરી અર્ધજાગ્રત અવસ્થા માટે આ બોધકથા એક સારું ઉદાહરણ છે.

એક અપ્રગટ સૂત્ર સંગ્રહમાં નીચે પ્રમાણેનું સૂત્ર છે :

"A man be born, but in order to be born he must first die, and in order to die he must first awake."

(મનુષ્ય જન્મ લે, પરંતુ જન્મ લેવા માટે તેણે પહેલાં મરવું જોઈએ અને મરતાં પહેલાં તેણે પ્રથમ જાગરૂક થવું જોઇએ.)

તે સૂત્રગ્રંથમાં કયાંક બીજી જગ્યાએ આવું એક સૂત્ર ટાંકયું છે :

"When a man awakes he can die; when he dies he can be born."

(મનુષ્ય જાગી જાય છે ત્યારે તે મરી શકે છે; જ્યારે તે મરી જાય છે ત્યારે તે જન્મી શકે છે.)

'જાગરૂકતા', 'મરણ', 'જન્મ'—આ ત્રણ ક્રમિક અવસ્થાઓ છે.

જાગરૂકતા એટલે કે ઘેનનિદ્રામાંથી મુક્તિ, મૃત્યુ અને જન્મ—આ મર્મ છે.

જાગૃત થઇ ગયા વગર માણસ મૃત્યુ પામે તો તે જન્મી શકે નહિ.

માણસ મર્યો નથી એ હકીકત માણસને જન્મ લેતો રોકે છે; તે જાગૃત થયેલ નથી તે હકીકત મંગળમય અંત-

કાલને રોકે છે.

સૂત્રનો ‘મરવા’ શબ્દનો મર્મ ગૂઢ અને ગહન છે.

સૂત્રના રહસ્યને અસ્તિત્વના નવા વિકાસના આરંભ, મનુષ્યની અસલિયતના વિકાસની શરૂઆત અને તેના અ-વિભાજ્ય નિત્ય સ્થાયી ‘હું’ ના પ્રગટીકરણના આરંભ સાથે સંબંધ છે.

પરંતુ આવી પ્રાપ્તિ માટે કે પ્રાપ્તિના આરંભ માટે માણસે ‘મરવું’ તો જોઈએ જ;–એટલે કે હજારો નાની-મોટી આસક્તિઓ અને સતત્ ચાલતી એકરૂપતાઓ કે જે માણસને અત્યારની તંદ્રાભરી અર્ધજાગ્રત ઘેન-અવસ્થામાં રાખે છે તેમાંથી તેણે મુક્તિ મેળવવી જોઈએ.

‘આસક્તિઓ અને એકરૂપતાઓના મૃત્યુ’ તરફ સૂત્ર સંકેત કરે છે.

માણસ જીવનમાં પ્રત્યેક વસ્તુ પ્રત્યે આસક્તિ ધરાવે છે. તે કલ્પનાવિહાર પ્રત્યે આસક્ત છે, તેની મૂર્ખતા પ્રત્યે આસક્ત છે, તેના સંતાપ-પીડા-દુઃખો પ્રત્યે પણ આસક્ત છે. તેમાંયે વળી તે પોતાની વિપદાઓ, પીડાઓ વગેરે પ્રત્યે એટલો પક્ષપાતી હોય છે કે પોતાની આ વેદનાઓને છોડવા તે ભાગ્યે જ તૈયાર થાય છે. માણસ દુઃખ અને શોક પ્રત્યેની આસક્તિમાં–માલિકીમાં આનંદ અનુભવે છે.

કદાચ તેની આ દુઃખ અને શોકની મૂડીથી માણસ સ્નેહ, સહાનુભૂતિ અને સહાય ખરીદી રહ્યો હોય છે–કોરી સહાનુભૂતિ, આડંબરી સ્નેહ અને લૂખી સહાય.

આમાંથી બચવા માટે દરેક વ્યક્તિએ પોતાની આવી પીડાત્મક નિજી મૂડીની યાદી કરીને તેનાથી સાવધાન બની જવું જોઈએ.

આસક્તિ અને એકરૂપતા વ્યક્તિમાં હજારો નકામાં ‘હું’-ને જીવન્ત રાખે છે. આ બધા ‘હું’ મરવા જોઈએ કે જેથી



નિત્યસ્થાયી અવિભાજ્ય એવા એક જ ‘હું’ નો જન્મ થાય.

આ બધા ‘હું’ મરવા માગતા નથી. તો પછી તે બધાને મારવાં શી રીતે? તેનાથી બચવું શી રીતે?

આ કક્ષાએ જાગરૂકતાની શક્યતા બચાવ માટે મદદે આવે છે.

માણસ પોતાને જરાક પ્રમાણમાં ઓળખતો થાય છે ત્યારે તે પોતાનામાં અરેરાટી છુટી જાય એવી સંખ્યાબંધ ચીજો જોઈ જુએ છે. પોતાનામાં રહેલ અનિશ્ચિત, અનિચ્છ-નીય ચીજો જોઈને જ્યાંસુધી વ્યક્તિને કમકમાટી ના થાય ત્યાંસુધી તેને પોતાની જાત વિશે કશી જાણ નથી એમ સમજવું જોઈએ.

માણસ આ અવાંછિત ચીજોને ફેંકી દેવાનું, તેનો અંત લાવવાનું નક્કી કરે છે પરંતુ ઘણી ઘણી કોશિશો કર્યા છતાં, તેને માલૂમ પડે છે કે તે પોતે તેમ કરી શકતો નથી અને અંદર માલૂમ પડેલી ત્યાજ્ય ચીજો જેમની તેમ રહે છે.

માણસને તેની શક્તિહીનતા, પરવશતા અને શૂન્ય-કર્મણ્યતાનું ભાન થાય છે.

માણસ પોતાની જાતની ઓળખ કરવા માંડે ત્યારે તેને હકીકત સમજાય છે કે તેની પાસે તેના પોતાના ‘સ્વ’ ની છાપવાળી કોઈ સાચી ચોખ્ખી મૂડી નથી.

તેના દૃષ્ટિબિંદુઓ, વિચારો, માન્યતાઓ, ટેવો, ખામીઓ અને દુર્ગુણો પણ આ બધાંમાંથી કાંઈ માણસનું પોતાનું હોતું નથી.

આ બધાં અનુકરણ દ્વારા, પુસ્તકો દ્વારા, પંડિતોના પ્રવચનો દ્વારા, ક્યાંકથી ઉધાર ઉછીનાં લીધેલ હોય છે.

પોતાની જાતની આવી સાચી સભાનતા થતાં માણસ પોતે સ્વયંની મૂલ્યશૂન્યતા અનુભવે છે. આવી મૂલ્યશૂન્યતાની પ્રતીતિ મનુષ્યના દિમાગ પર ક્ષણ–બેક્ષણ નહિ પણ સતત્ રહેવી જોઈએ અને તેની કદાપિ વિસ્મૃતિ ના થવી જોઈએ.

મૂલ્યશૂન્યતા પ્રત્યેની સતત્ સજગતા અને પોતાની લાચારીપૂર્ણ સ્થિતિનો સંદર્ભ મનુષ્યને મરવાની હિંમત આપે છે;–એટલે કે તેના આંતરિક વિકાસના અવરોધ રૂપે ખડી થતી ચીજોને અને તેના કૃત્રિમ વ્યકિતત્વના તમામ અશુભ પાસાંઓને તે ખતમ કરી દેવા પ્રેરિત થાય છે.

આ અશુભ પાસાંઓમાં પ્રમુખ તેનો ખોટો 'હું' છે. તે ઉપરાંત મનોબળનો ખોટો ખ્યાલ જાગરૂકતાનો ભ્રમ, કર્તૃત્વ-શકિતનું મિથ્યાભિમાન, સાહસવૃત્તિ–નિર્ણયશકિત વગેરે વિશેની ખોટી સ્વપ્નસૃષ્ટિ–આ બધાની ભ્રામક માયાજાળનો–જાતની ઓળખ થતાં–અંત આવી જાય છે.

પરંતુ તેની સંમોહિત નિદ્રાભરી અર્ધજાગ્રત અવસ્થામાં જીવતો માણસ ક્ષણ-બેક્ષણ જાગે છે અને પાછો ઊંઘમાં પડી જાય છે. ઊંઘતો હોવા છતાં તે માને છે કે હું જાગું છું. કયારેક કયારેક જાગે અને પાછો ઘેનભરી તંદ્રામાં પડી જાય છે.

આવા ઊંઘતા માણસને ઢંઢોળતા રહીને જાગતો રાખવાનું અને છેવટે સતત્ જાગૃતમાં લઈ જવાનું કામ માત્ર કોઈ સિદ્ધ કોટિના પ્રબોધક જ હાથ ધરી શકે કેમકે આવા સિદ્ધને સાધન પરત્વેની સમસ્યાઓની સમજણ, તેનું નિરાકરણ, કાર્યપ્રણાલિ, ગંતવ્યસ્થાન વગેરેની અનુભૂતિ હોય છે. તે એવી વ્યક્તિ–પ્રતિભા હોય છે કે જે સ્વયં આ સાધનામાર્ગે ચાલીને પાર પામી ચૂકેલ હોય છે.

આવી વ્યકિતવિશેષ દ્વારા નિદ્રાધીન માણસ ક્રમે ક્રમે જાગરૂકતાને પામે છે પછી આવો જાગેલો માણસ પૂર્ણ જાગરૂકતાને પામી 'અનંત'માં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

જીવનમુકત સિદ્ધ પ્રબોધક ઊંઘતાની નિદ્રા ઉડાડી દઈ, તેને પૂર્ણપણે જાગરૂકતામાં પ્રસ્થાપિત કરી દઈ જીવનમુકત બનાવી દે છે. પારસસ્પર્શથી અહીં પારસમાં જ રૂપાંતર દશ્યમાન્ થાય છે.



## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ માટે વાંચકો તરફથી પ્રેમપૂર્વક જે સદ્ભાવભરી ભેટનો પ્રવાહ અવિરત ચાલતો રહે છે, તેજ તેને આજના મોંઘવારીના યુગમાં ટકવાનું બળ પૂરું પાડે છે. વગર માગ્યે વિષમ મોંઘવારીમાં સામાન્ય લોકો જે ભાવથી આ સહાય મોકલતાં રહે છે, તેમાં કોઇને પણ પ્રભુની લીલાનું –કે કૃપાનું દર્શન થાય એ સ્વાભાવિક છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.

૨૫–૦૦ શ્રી મનીષ હરિભાઈ ભોજાણી, ઇલેકટ્રોનીકસ એમ. એસ.સીમાં પ્રવેશ મળતાં.

૧૦૧–૦૦ શ્રી પ્રીતમભાઈ નવીનચંદ્ર પારેખ, ભાવનગર તરફથી એમના સ્વ. પિતાશ્રી નવીનચંદ્ર પારેખની સ્મૃતિમાં.

૧૦૦–૦૦ સુરતના શ્રદ્ધાળુ સાધક તરફથી.

૫૧–૦૦ શ્રી શાન્તિભાઇ કનેરિયા, રાજકોટ–અમરનાથની યાત્રા સફળ રીતે થઇ તે નિમિત્તે.

૨૧–૦૦ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, ખીરસરા–અમરનાથની યાત્રા સફળ રીતે થઇ તે નિમિત્તે.

૮૦–૦૦ શ્રી પી. એલ. પટેલ, લેસ્ટર, યુ.કે

૫૦–૦૦ શ્રી કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.

૨૫૧–૦૦ શ્રી કાન્તિભાઇ પરીખ, વડોદરા, તરફથી તેમના સ્વ. પિતાશ્રી ભીમજીભાઈ મણિલાલ પરીખના સ્મરણાર્થે.

૫૧–૦૦ પુત્ર દર્શનના જન્મદિન પ્રસંગે શ્રી કાન્તિભાઇ પરીખ તરફથી.

૨૫–૦૦ શ્રી દીનેશચંદ્ર પ્રાણજીવનદાસ રાણા.

૨૫-૦૦ શ્રી મહેશકુમાર મગનભાઈ પટેલ, સુરત.
૧૦૧-૦૦ શ્રી વસંતબેન ધીરજલાલ મોધરિયા, ધાંગધ્રા.
૨૧-૦૦ શ્રી દીલિપભાઈ મગનભાઈ સરવૈયા, ભાવનગરના પ્રથમ પગારમાંથી હા. હીરાબેન.
૧૧-૦૦ ભાવનગરના એક સાધક તરફથી.
૧૦૫-૦૦ (આસરે) શ્રી મોહનભાઈ એસ. પટેલ, બોલ્ટન યુ કે. તરફથી.
૫૧-૦૦ ઠાકોરભાઇ મગનભાઇ શાહ, વડોદરા.
૧૫૧-૦૦ શ્રી અંબાલાલ એમ. મિસ્ત્રી, રગ્બી તરફથી પૌત્ર સંજય (કેનેડા)ના જન્મદિન ખુશાલીમાં.
૫૧-૦૦ શ્રી નલિનીબેન પી. મહેતા, ભાવનગર.
૧૧-૦૦ એક સદ્‌ગૃહસ્થ, ભાવનગર.
બોલ્ટનના ગ્રાહક ભાઇઓ તરફથી
રગ્બીના ગ્રાહક ભાઇઓ તરફથી.
૧૦૧-૦૦ શ્રી રાજેશ રેવાર, વડોદરા. પુત્ર અશેષ B. comમાં પ્રથમ વર્ગમાં પાસ થયો ને તેને M.B.A.માં પ્રવેશ મળતાં.

( પૃષ્ઠ ૧૫ નું અનુસંધાન )

'સમરને શ્રીહરિ મેલ મમતા પૂરી, જોને વિચારીને મૂળ તારું
તું અલ્યા કોણને કોને વળગી રહ્યો, વગર સમજયે કહે મારું મારું'

પૂ. મા જાણે ભક્તરાજ નરસિંહ મહેતાની આ પંકિતઓ દ્વારા ભકતોને આ અપૂર્વ ભક્તિ મહોત્સવનો સાર સમજાવી રહ્યાં છે. આવા સત્સંગોદ્વારા જ મૂળને જાણવાનાં મૂળ ઊંડા જતાં હોય છે અને પોષણ પ્રાપ્ત થતું રહે છે. પૂ. મા સૌને શુભેચ્છાઓ પાઠવતાં કહે "આ પાવન સ્થળમાં શુભ સંકલ્પો કરજો અને તેને પાળજો, આ દિવસોમાં જે કંઈ ગાંઠે બાંધવા જેવું લાગ્યું હોય તે બાંધજો અને હરિસ્મરણ કરજો."



'સદ્‌ગુરુ શરણ વિના અજ્ઞાન તિમિર ટળશે નહીં,
જન્મ મરણ દેનારું બીજ ખરું ટળશે નહીં.'

સમર્થ ગુરુદેવ પ્રભુના શ્રી ચરણોમાં પૂ માએ જે જીવનની ન્યોછાવરી કરી છે તે વિરલ છે. પૂ. માનું જીવન શરણાગતિ ભાવની શ્રેષ્ઠતાનું પ્રતીક છે. સદ્‌ગુરુમાં પરમાત્મા દર્શન કરતાં પૂ. માએ તપ, ત્યાગ, શ્રદ્ધા, પ્રેમ અને વૈરાગ્યની પોતાના જીવનમાં જે પ્રતિષ્ઠા કરી છે તે ઇતિહાસ બનીને યુગો સુધી અધ્યાત્મ પ્રેમીઓને પ્રેરણાનાં પીયુષ પાયા કરશે.

આપણે તો અહીં પ્રભુના એ પ્રેમ પારાવાર સમા જીવન-માંથી આપણી શક્તિ પ્રમાણે એકાદ આચમન લેવાનો પ્રયાસ કર્યો છે, શ્રદ્ધા ભકિત સંપન્ન ખુલ્લી કિતાબ જેવા જીવનના વિવિધ પૃષ્ઠોને નિહાળવાનો કૃપા અવસર પ્રાપ્ત થયો છે તેજ મહાન કૃપા છે. વિશાળ ગગનને નાનકડી વાદળીનું માપવાનું શું ગજું! પ્રભુ પ્રેમની એ અવિરત વહેતી સરિતામાં એકાદ વખતનું સ્નાન પણ કેવું સ્ફૂર્તિદાયક!

ગંગા તટે એક સપ્તાહ ચાલેલા વ્રતોત્સવમાંથી પ્રેરણા લઈ એક નાનકડા વ્રતની શરૂઆત કરી જરૂર ધન્યતા અનુભવીએ. આ લેખમાળા દ્વારા એ મહાશકિતના મહાજીવનની એક અલ્પ ઝાંખી કરાવવાનો પ્રયાસ છે. પૂ. માના જીવાતા જીવનની એ ઝલકનું દર્શન છે.

આપણે તો પરમશકિત મા ગંગા ને મા સર્વેશ્વરીને પ્રાર્થના કરીએ કે તમારા ખોળા ખુંદવાની અમારી પાત્રતા નથી, છતાં નાના બાળુડા જાણી જરૂર ખોળે લેજો, ને સુધા પાનની પાત્રતા આપજો.

દિવસ-રાત અપરાધ હજારો મારાથી મા થયા કરે
દાસ તમારો મને જાણતાં ક્ષમા કરો હે સર્વ શુભે."

(સંપૂર્ણ)

શ્રીયોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

લે–ઈશ્વરભાઇ ભક્ત

## અમેરિકામાં સત્ય સાંઇબાબાનું સ્થાન

શ્રી સત્ય સાંઈબાબા અમેરિકા આવ્યા નથી. છતાં પણ તેમનો પ્રભાવ અમેરિકામાં વ્યાપક પ્રમાણમાં પથરાતો જાય છે એ તેમની મહાનતાની નિશાની ગણાય. અમેરિકાનો બુદ્ધિજીવી વર્ગ તો ખૂબ પ્રભાવિત થયો છે. ડૉ. જ્હૉન હિસ્લોપ તો ઈ. સ. ૧૯૬૮ થી બાબા સાથે જોડાયેલા છે. પ્રથમ દર્શને જ પ્રભાવિત થઇને તેઓ લખે છે કે an his presence, doubt is like very shallow water in the burning sun in notime at all it disappeears–અર્થાત્ સૂર્યના તાપમાં ઝાકળ જેમ સત્વરે અદૃશ્ય થઈ જાય છે તેમ સાંઇબાબાની હાજરીમાં મારી શંકાઓ સત્વરે નિર્મૂલ થઈ ગઈ.

એવી જ રીતે મેડિકલ લાઇનના ખૂબ અનુભવી ડૉ. સેન્ડ-વીસ પ્રભાવિત થઈ જાય છે. વિદ્યાર્થી કાળથી જ તેમને માનસશાસ્ત્રમાં કાંઈક સંશોધન કરવાની મહત્ત્વાકાંક્ષા હતી. ખૂબ ધન ને યશ કમાયા પછી મેડિકલ લાઈન છોડીને તેમણે સંશોધનમાં ઝંપલાવ્યું. તેમનો પ્રિય વિષય પેરા સાઇકોલોજી –એટલે મનથી પરના અનુભવોને સમજાવતું માનસશાસ્ત્ર.

ડૉ. સેન્ડવીસે સત્ય સાંઇબાબાનું નામ સાંભળ્યું ને તરત જ ભારતયાત્રાનું આયોજન કર્યું. તેઓ બાબા પાસે પ્રથમ આવ્યા ત્યારે તો છૂપી રીતે આવ્યા હતા. સંશોધનનો



તેમનો હેતુ હતો. તેણે દૂર રહીને બાબાને કોણ કોણ મળવા આવે છે, પાસે આવે ત્યારે તેઓ શું કરે છે, તેઓ વચ્ચે કેવી લેવડ દેવડ થાય છે વિગેરે નિહાળ્યા કરે છે. પરંતુ થોડા જ દિવસમાં તેમને પણ અલૌકિક અનુભવ થવા માંડે છે. તેમની અંદર કાંઇક સૂક્ષ્મ ફેરફારો થઈ રહ્યા છે એવું તેમને લાગવા માંડે છે. છેવટે તે અનુભવો તેમને બાબા પાસે ખેંચી જાય છે અને આખરે પ્રભાવિત થઇને તેઓ બાબાને શરણે બેસી જાય છે. છતાં તેમણે પોતાનું સંશોધનનું કાર્ય તો ચાલુ જ રાખ્યું છે.

આ વર્ષે જાન્યુ. ની ૨૫મી તારીખે મને સાન્ફ્રાન્સિસ્કોમાં સત્ય સાંઈબાબાના કેન્દ્રમાં હાજરી આપવાની તક મળી. પચાસ સાંઠની સંખ્યામાં અમેરિકનો અહીં અઠવાડિયામાં બે વાર ભેગા થાય છે. ગુરુવારે ને રવિવારે સાંજે ૭ાા થી ૯ સુધી કેન્દ્ર ચાલે છે. મેં પણ બંને વારે લાભ લીધો હતો. પ્રારંભમાં સંગીતમય મધુર પ્રાર્થના કરવામાં આવે છે. વાતાવરણનું સુંદર સર્જન થાય છે. ભગવાનના એકસો આઠ નામોનું ગાન સ્પષ્ટ ઉચ્ચારોમાં થતું હોવાથી ખૂબ કર્ણપ્રિય લાગે છે. લગભગ પોણા કલાક સુધી મધુર કીર્તન થયા પછી આરતી કરવામાં આવે છે. સામે સત્ય સાંઇબાબાનો મોટો ફોટો અને ભગવા રંગનો ઝભ્ભો રાખ્યો હતો. આરતી પછી વિભૂતિનો (રાખનો) પ્રસાદ આપવામાં આવે છે. ત્યાર પછી બદાબર દસ પંદર મિનિટ ધ્યાન કરવામાં આવે છે. ધ્યાન પછી બાબાના સંદેશા પર ચર્ચા વિચારણા થાય છે.

(ક્રમશઃ)

## તરી જવાનું સાધન—પોતાની ત્રૂટિઓ દૂર કરવાનું છે

માણસને ડૂબાડનારૂં કે તારનારૂં તેનું મન છે. પોતાના વિના પોતાનો ખરો ઉપકાર કે અપકાર કોઈ જ નથી કરી શકતું. એ ગીતાવચનમાં સત્ય સમાયેલું છે. પોતાની ત્રૂટિઓને જોવાની ને ખામીને શોધી કાઢવાની ટેવ આ માર્ગમાં ખૂબ જ ઉપયોગી છે. માણસે આગળ વધવું હોય તો એનો આશ્રય લેવો જ રહ્યો. જો કે પોતાના દોષ જોવાનું કામ કડવું છે. પણ કડવી દવા કેટલી ફાયદાકારક હોય છે તે સૌ જાણે છે. એવી દવાથી સાધકે પરમ શુદ્ધ થઈને કંચનમય બનવાનું છે. પોતાની નાનામાં નાની ખામી પ્રત્યે પણ ખૂબ જ જાગ્રત રહેવાનું છે. ને તેને શોધીને નિર્મૂલ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. જે આમ કરશે તે સંસારમાં તરી જશે. બાકી જો પોતાને પવિત્ર, નિષ્કલંક ને મોટા માની બેસશે તે ડૂબી જશે.

—યોગેશ્વર

With Compliments From—

**Turnweld Engineers**

245, G. I. D. C. estate

Makarpura, VADODARA 390,010

## * જીવનનું સદ્ભાગ્ય *

મારી ઉમ્મર તે વખતે પંદરેક વર્ષની હશે. કિશોર ને યુવાવસ્થાનાં વરસો જ એવાં વિલક્ષણ હોય છે કે મન જે વસ્તુ પકડી લે તેમાં પાવરધા બનવાનો ને તેમાંથી પાર ઉતરવાનો પ્રયાસ કરે છે. આશા, શ્રદ્ધા, ઉત્સાહ ને મહત્ત્વકાંક્ષા એ વખતે સર્વલક્ષી ને સમુન્નત બને છે ને જો યોગ્ય રાહ ને રાહબર મળી જાય તો જીવનને માટે મંગલકારક થઈ પડે છે. મારૂં હૃદય પણ તે વખતે ઉત્તમ ભાવના, વિચાર ને ઉત્સાહથી ભરપૂર હતું. તેમાં ઉઠતાં દિવાસ્વપ્નો ઘણા જ મહાન અને અલૌકિક હતાં. ક્રાન્તિના એ કાળમાં જીવનને જરૂરી આધ્યાત્મિક માર્ગ મળી ગયો તે જીવનનું સદ્ભાગ્ય હતું.

મારા સહાધ્યાયી વિદ્યાર્થીઓમાં આવી કોઇ ભાવનાનું દર્શન ભાગ્યેજ થતું. કેટલાક મોટા મનાતા માણસોની પણ એ જ દશા હતી. પોતાની નાની સરખી વિચાર સૃષ્ટિમાં જ તે સંતુષ્ટ હતા. એ દશામાં મને વારંવાર થતું કે ઇશ્વરે મને એકલાને જ આવું હૃદય કેમ આપ્યું છે અને આવી આધ્યાત્મિક ભાવના મારામાં જ કેમ ભરી છે? તે વખતે મને ખબર નહિ કે આધ્યાત્મિક ભાવનાથી સંપન્ન માણસો દુનિયામાં હમેશાં બહુ થોડા જ થતા રહ્યા છે. બહુ થોડા માણસોને ઈશ્વરની ભૂખ હોય છે ને વધારે ભાગના માણસો તો શરીર ને સંસારના વિષયોમાં જ ઇતિકર્તવ્યતા માનીને બેસી રહે છે.

—યોગેશ્વરજી

Space donated with compliments by.—

**Gujarat Paraffins Private Ltd.**

128, G. I. D. C. Industrial Estate

Kalol, North Gujarat-382721

ADHYATMA Regd. No. GBV 113

## * આસક્તિ મરણ, અનાસક્તિ જીવન છે. *

ઉપનિષદ્ જણાવે છે કે માણસે જીવવાની ઇચ્છા કરવી જોઈએ, મરવાની નહિ. જીવન જરૂરી છે. જીવન પ્રત્યે નિરાશ થવાથી અને અવજ્ઞાવૃત્તિ કેળવવાથી કશું જ નહિ વળે. જે જીવન ઈશ્વરે આપેલું છે તે ઈશ્વરને માટે અને ઈશ્વરની દૈવી દુનિયાને માટે વાપરવું જોઈએ. એની સફળતા તથા સાર્થકતા એમાં જ સમાયેલી છે. એવું જ જીવન શોભારૂપ છે. જે ફુલની પેઠે ફોરમ આપે છે અને અંતે દેવમંદિરમાં સમર્પિત બને છે. જીવનને કૃતાર્થ કરવાનો આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

માનવ પોતાના જીવન ધ્યેયને ભૂલી જાય છે ને પ્રકૃતિના પ્રલોભનાત્મક પદાર્થોમાં આસક્ત થાય છે એ એના દુઃખનું, બંધનનું અને એની અશાંતિનું અગત્યનું કારણ છે. એ કર્મ કરે અને સંસારમાં શ્વાસ લે તોપણ એની અંદર આસક્તિ ના કરે અને એનાથી અલિપ્ત રહીને પરમાત્મામાં પ્રતિષ્ઠિત બને એ આવશ્યક છે. એવું કરવાથી એનું જીવન ઉત્સવમય બની શકે. જીવન જીવવાની એવી અદ્ભુત કળાનો અભાવ હોવાથી એનું જીવન અવ્યવસ્થિત અને અશાંત બની ગયું છે. આસક્તિ એક પ્રકારનું મરણ અને અનાસક્તિ જીવન છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧